પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા અને છોટાઉદેપુરમાં પ્રકાશિત થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૩૦ અંક : ૫૮ કુલ પાના : ૪ તારીખ : ૨૮-૧૦-૨૦૨૬ બુધવાર કિંમત રૂા.૧.૫૦/-

તંત્રી/પ્રકાશક/માલિક: કરણ અજયકુમાર પંચાલ, ઓફિસ : બાંડીબારનો ખાંચો,તળાવ રોડ,ગોધરા,જી.પંચમહાલ(ગુજરાત) મો:૯૭૧૨૮૮૦૬૭૮

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ચક્રવાત અર્નબને કારણે ઉત્તર પ્રદેશમાં તોફાન અને વરસાદની ચેતવણી જારી,ઘણા વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઇ શકે છે



લખનૌ

બંગાળની ખાડીમાં ઉદ્ભવેલા ચક્રવાત અર્નબે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોને ચેતવણી આપ્યા બાદ, દેશના અન્ય ભાગોમાં સરકારો પણ તેની સંભવિત અસર અંગે સતર્ક થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશમાં આ વાવાઝોડાની સંભવિત અસરને કારણે, ૨૮ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન વરસાદ, વાવાઝોડા અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે, જેના કારણે રાજ્ય સરકારે હાઈ એલર્ટ પર રહેવાની સૂચના આપી છે. હવામાન આગાહીને ધ્યાનમાં રાખીને, ઉત્તર પ્રદેશ રાહત કમિશનર કાર્યાલયે જનતા અને ખેડૂતો માટે સાવચેતી માર્ગદર્શિકા જારી કરી છે.

રાજ્ય સરકારે સંભવિત હવામાન પરિવર્તનને ધ્યાનમાં રાખીને રાહત અને બચાવ કામગીરી અને સાવચેતીના પગલાં પર ભાર મૂક્યો છે. એક સત્તાવાર નિવેદન અનુસાર, ૨૮ ઓક્ટોબરે સોનભદ્ર, મિર્ઝાપુર, ચંદૌલી, વારાણસી, ભદોહી, ગાઝીપુર અને બલિયામાં ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે, અને આ જિલ્લાઓ માટે 'યલો એલર્ટ' જારી કરવામાં આવ્યો છે.

૨૯ ઓક્ટોબરે, કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ અને ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને 'ઓરેન્જ એલર્ટ' જારી કરવામાં આવ્યો છે. ચિત્રકૂટ, કૌશામ્બી, પ્રયાગરાજ, ફતેહપુર, પ્રતાપગઢ, રાયબરેલી, અમેઠી અને સુલતાનપુર સહિત અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી છે. ૩૦ ઓક્ટોબરે બરેલી, પીલીભીત અને શાહજહાંપુરમાં પણ ભારે વરસાદ અને તેજ પવન ફૂંકવાની આગાહી છે. પરિણામે, દિવસના તાપમાનમાં પાંચથી આઠ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે.

રાહત કમિશનર કચેરીએ લોકોને હવામાન ચેતવણીઓ અને વહીવટી સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. વાવાઝોડા દરમિયાન, લોકોને કોંક્રિટ ઈમારતોમાં આશ્રય લેવાની, ઝાડ, વીજળીના થાંભલા અને નબળા માળખાથી દૂર રહેવાની અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવે છે. વીજળી પડતાં ખુલ્લા ખેતરો, ખેતરો અને જળાશયોની નજીક રહેવાની પણ સલાહ આપવામાં આવે છે. ખેડૂતોને તેમના પાકને બચાવવા અને પશુધનને સુરક્ષિત સ્થળોએ રાખવા માટે જરૂરી સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. લોકોને નવીનતમ હવામાન માહિતી માટે 'સચેત' એપ પર જારી કરાયેલ સત્તાવાર હવામાન બુલેટિન અને ચેતવણીઓ પર નજર રાખવાની પણ અપીલ કરવામાં આવી છે.

નોંધનીય છે કે ચક્રવાત 'અર્ણબ'ને લઈને આંધ્રપ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, તેલંગાણા હાઈ એલર્ટ પર છે. હવામાન સંબંધિત ખતરો અને ભારે વરસાદની આગાહી વચ્ચે, ઓડિશાના ગંજમ જિલ્લામાં તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટીતંત્રની સૂચના મુજબ, જિલ્લાની તમામ શાળાઓ, ડિગ્રી કોલેજો, ટેકનિકલ સંસ્થાઓ અને યુનિવર્સિટી વિભાગો ૨૭ ઓક્ટોબરથી ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી બંધ રહેશે.

ઝારખંડના કેટલાક ભાગોમાં ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી છે. આને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે જિલ્લા વહીવટીતંત્રને સતર્ક રહેવાનો નિર્દેશ આપ્યો છે, અધિકારીઓએ જણાવ્યું હતું.

હવામાન વિભાગે ૨૮ ઓક્ટોબર સવારે ૮:૩૦ વાગ્યાથી આગામી ૨૪ કલાક માટે રાંચી, ખૂંટી, સિમડેગા, ગુમલા, લોહરદગા, સરાઈકેલા-ખરસાવન અને પૂર્વ અને પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં ભારે વરસાદ માટે 'યલો એલર્ટ' જારી કર્યું છે. હવામાન વિભાગના બુલેટિન મુજબ, આ સમય પછી વરસાદની તીવ્રતા વધવાની ધારણા છે.

હવામાન વિભાગે ૩૦ ઓક્ટોબર સવારે ૮:૩૦ વાગ્યા સુધી આગામી ૨૪ કલાક માટે ગઢવા, પલામુ, લાતેહાર, લોહરદગા, ગુમલા, સિમડેગા અને પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં ભારે વરસાદ માટે 'યલો એલર્ટ' જારી કર્યું છે.રાંચી હવામાન કેન્દ્રના નાયબ નિયામક અભિષેક આનંદે જણાવ્યું હતું કે પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાં સ્થિત અત્યંત તીવ્ર ચક્રવાતી વાવાઝોડું "અર્નબ" પશ્ચિમ તરફ આગળ વધ્યું હતું અને મંગળવારે સવારે ૫:૩૦ વાગ્યે તે જ પ્રદેશ પર કેન્દ્રિત હતું. ૨૭ ઓક્ટોબરની સાંજ સુધી તે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની ધારણા છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્રને સતર્ક રહેવા અને પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે તૈયારી સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. રાંચી જિલ્લા વહીવટીતંત્રે અધિકારીઓને પરિસ્થિતિ પર નજર રાખવા પણ કહ્યું છે.

નોંધનીય છે કે ચક્રવાત 'અર્ણબ'ને લઈને આંધ્રપ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, તેલંગાણા હાઈ એલર્ટ પર છે. હવામાન સંબંધિત ખતરો અને ભારે વરસાદની આગાહી વચ્ચે, ઓડિશાના ગંજમ જિલ્લામાં તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટીતંત્રની સૂચના મુજબ, જિલ્લાની તમામ શાળાઓ, ડિગ્રી કોલેજો, ટેકનિકલ સંસ્થાઓ અને યુનિવર્સિટી વિભાગો આજે અને ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી બંધ રહેશે.

## અમદાવાદની શાળાઓને ફરી મળી બોમ્બથી ઉડાવવાની ધમકી: પોલીસ-બોમ્બ સ્ક્વોડ એલર્ટ, બાળકોને સુરક્ષિત ઘરે મોકલાયા




અમદાવાદ

અમદાવાદની શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો હતો. શહેરની પ્રખ્યાત શાળાઓને ઈમેઈલ મારફતે આ ધમકી આપવામાં આવી હતી, જેના પગલે પોલીસ પ્રશાસન, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ તાત્કાલિક હરકતમાં આવી ગયા હતાં

આ ધમકીભર્યા મેઈલમાં એક ચોંકાવનારો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મેઈલમાં 'ખાલિસ્તાન નેશનલ આર્મી' ના નામે મોકલવામાં આવ્યો છે. ઈમેઈલમાં પ્રખ્યાત પંજાબી સિંગર દિલજીત દોસાંઝના કોન્સર્ટનો ઉલ્લેખ કરીને ચેતવણી આપવામાં આવી છે કે કોઈ પણ પોતાના બાળકને આ કોન્સર્ટમાં ન મોકલે. મેઈલમાં બપોરે ૧:૧૧ વાગ્યેશાળામાં બોમ્બ બ્લાસ્ટ થશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.ધમકી મેળવનારી શાળાઓમાં નીચે મુજબની શાળાઓનો સમાવેશ થાય છે. સેટેલાઈટ, જોધપુર, બોડકદેવ અને ચાંદખેડા, ચાંદખેડા સ્થિત પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, વિદ્યાભારતી સ્કૂલ, સી.એન. વિદ્યાલય જેવા વિસ્તારોની જાણીતી શાળાઓને લક્ષ્ય બનાવવામાં આવી છે.

ઈમેઈલ મળતાની સાથે જ શાળા સંચાલકો દ્વારા તાત્કાલિક સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હતા. શાળાના બિલ્ડિંગોને ત્વરિત ખાલી કરાવવામાં આવ્યા હતા. વાલીઓને તાત્કાલિક જાણ કરીને બાળકોને શાળાએથી લઈ જવા માટે બોલાવવામાં આવ્યા હતા. બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમને સહીસલામત ઘરે રવાના કરવામાં આવ્યા હતા, જેના કારણે શાળા પરિસરમાં વાલીઓની ભારે ભીડ જોવા મળી હતી.

સ્થાનિક પોલીસને જાણ કરાતા જ ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી તમામ શાળાઓના ખૂણે-ખૂણાની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સુરક્ષા મજબૂત કરી દેવામાં આવી છે.જોકે કાંઈ મળી આવ્યું ન હતું અમદાવાદ શહેર માટે આ પ્રકારની ધમકી કોઈ નવી વાત નથી. છેલ્લા ૧૧ મહિનામાં આ ૮મી વખત છે જ્યારે અમદાવાદની શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાના ઈમેઈલ કે મેસેજ મળ્યા હોય. વારંવાર બનતી ઘટનાઓને કારણે વાલીઓ અને શાળા પ્રશાસનમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે. અત્યારે આ ધમકીભર્યા ઈમેઈલના મૂળ સુધી પહોંચવા માટે તપાસ ચલાવી રહી છે.

## હેક્ટર દીઠ રૂ.૮,૫૦૦ની સહાય ખેડૂતોની મજાક,દુષ્કાળ સહાય મુદ્દે ૧૨ નવેમ્બરથી સરકાર સામે લડતનું એલાન!

રાજકોટ

ગુજરાતમાં ચાર જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આર્થિક સહાય સામે ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. હેક્ટરદીઠ માત્ર ૮,૫૦૦ રૂપિયાની સહાયને ખેડૂતોના પ્રશ્નોનું પૂરતું નિરાકરણ ન ગણાવતા દ્વારકાના ખેડૂત આગેવાનોએ સરકારને નિર્ણય પર ફેરવિચારણા કરવાની માગ કરી છે. જો સહાયના ધોરણોમાં ફેરફાર કરવામાં નહીં આવે, તો આગામી ૧૨ નવેમ્બરથી સરકાર સામે ઉગ્ર આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ખેડૂત આગેવાનોએ સરકાર સમક્ષ દુષ્કાળ સહાયના ધોરણોમાં ફેરફાર કરવા ઉપરાંત ખેડૂતોનું ૩ લાખ રૂપિયા સુધીનું ખેતધિરાણ માફ કરવાની માગ કરી છે. ખેડૂત આગેવાનોના જણાવ્યા અનુસાર, અગાઉ દુષ્કાળની સ્થિતિમાં ખેડૂતોને ૧૫૦ ટકા સુધીનો પાકવીમો મળતો હતો. તે સમયે પાકવીમા ઉપરાંત આપત્તિ રાહત ભંડોળમાંથી પણ સહાય મળતી હોવાથી ખેડૂતોને બેવડો લાભ મળતો હતો. ખેડૂત નેતાએ આક્ષેપ કર્યો કે વર્તમાન સરકારે પાકવીમા યોજના બંધ કરીને ખેડૂતોને મુશ્કેલીમાં મૂક્યા છે. તેમના મતે, દુષ્કાળની સ્થિતિમાં જાહેર કરવામાં આવેલી સહાય ખેડૂતોને થયેલા નુકસાનની સરખામણીમાં અપૂરતી છે.

રાજ્ય સરકારના નિર્ણય મુજબ, નિર્ધારિત ધોરણો અનુસાર હેક્ટરદીઠ ૮,૫૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે. જોકે, આ સહાય મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં જ મળશે. પશુ શિબિરોમાં રાખવામાં આવતા પશુઓ માટે પશુદીઠ રોજના ૮૦ રૂપિયા લેખે બે મહિના સુધીની સહાય સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડમાંથી ચૂકવવામાં આવશે. આ ઉપરાંત, ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો ઊભી કરવા માટે વી.બી.જી. રામ જી. યોજના હેઠળ ૧૫૦ માનવદિનની રોજગારી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. દુષ્કાળ નિર્ધારણ માર્ગદર્શિકા-૨૦૧૬ અનુસાર ઉચ્ચ સ્તરીય બેઠકો બાદ લેવાયેલો આ નિર્ણય ૧ નવેમ્બર, ૨૦૨૬થી અમલમાં આવવાનો છે.

સરકારના જણાવ્યા અનુસાર, જૂન-જુલાઈ ૨૦૨૬થી કલેક્ટરોને વિશેષ સત્તા આપીને અત્યાર સુધીમાં ૧.૨૧ કરોડ કિલોગ્રામ ઘાસનું પ્રતિ કિલોગ્રામ ૨ રૂપિયાના રાહત દરે વિતરણ કરવામાં આવ્યું છે. હાલ ૩ કરોડ કિલોગ્રામ ઘાસનો જથ્થો અનામત રાખવામાં આવ્યો છે અને વધારાના ઘાસની ખરીદી પણ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ, આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ પહેલાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સહાય જાહેર કરવાના નિર્ણયને રાજકીય વર્તુળોમાં ડેમેજ કંટ્રોલ તરીકે જોવામાં આવી રહ્યો છે. ખેડૂતો અને પશુપાલકોની નારાજગી વચ્ચે સહાયના ધોરણો અંગે સરકાર શું નિર્ણય લે છે અને ૧૨ નવેમ્બરથી આંદોલન શરૂ થાય છે કે નહીં તેના પર સૌની નજર રહેશે.

## પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાનો વિરોધ એક "પેઈડ ઝુંબેશ" હતો, નીતિન ગડકરી

### ભારત અશ્મિભૂત ઈંધણની આયાત ઘટાડીને કિંમતી વિદેશી હૂંડિયામણ બચાવી શકે છે.

નવીદિલ્હી

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવા અંગે એક મોટું નિવેદન આપ્યું છે. કેન્દ્રીય મંત્રીએ મંગળવારે જણાવ્યું હતું કે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવા સામેના વિરોધ પ્રદર્શનો એક ચૂકવણી કરેલ ઝુંબેશ હતી. આ નિવેદન સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ માં સુધારો કરતી સૂચના જારી કર્યાના એક દિવસ પછી આવ્યું છે. આ ફેરફારો હવે ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોને મંજૂરી આપે છે જે ૧૦૦ (લગભગ શુદ્ધ ઈથેનોલ) સુધી ચાલી શકે છે.

ઉદ્યોગ સંસ્થા સીઆઈઆઈ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, ગડકરીએ કહ્યું કે ભારત અશ્મિભૂત ઈંધણની આયાત ઘટાડીને કિંમતી વિદેશી હૂંડિયામણ બચાવી શકે છે. તેમણે કહ્યું, "ત્રણ મહિના પહેલા, ઈ૨૦ (૨૦ ટકા ઈથેનોલ સાથે મિશ્રિત પેટ્રોલ) ઈંધણ સામે ઘણો હોબાળો થયો હતો; હવે ઈ૨૦ ઈંધણ સામેના તમામ વિરોધ પ્રદર્શનો સમાપ્ત થઈ ગયા છે. તે 'ચુકવણી કરેલ ઝુંબેશ' હતી." મંત્રીએ એમ પણ કહ્યું કે તેમણે તાજેતરમાં ૭૦૦-૮૦૦ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી, કેટલાક હાઈવેની નબળી સ્થિતિ અંગે સોશિયલ મીડિયા પર ફરિયાદોની નોંધ લીધી હતી. "હું હાઈવેની ગુણવત્તા સાથે સમાધાન કરવાનો નથી," તેમણે કહ્યું. ગડકરીએ ખાતરી આપી હતી કે આગામી બે વર્ષમાં હાઈવે વપરાશકર્તાઓને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ મંગળવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ પર વર્તમાન ૨૦ ટકા મર્યાદા વધારવાની કોઈ યોજના ધરાવતી નથી. દક્ષિણ ગોવામાં ૨૯મી ઉર્જા ટેકનોલોજી અને નવીનતા મીટનું ઉદ્ઘાટન કરતા પુરીએ એમ પણ કહ્યું હતું કે બાયોફ્યુઅલ વિશે ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે ઈ૨૦ (૨૦ ટકા ઈથેનોલ સાથે મિશ્રિત પેટ્રોલ) વિશે જે ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે તે એક બનાવટી વાર્તા છે. ઈ૨૦ ઈંધણની આસપાસની ચર્ચાઓ અંગેના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું, "જ્યાં સુધી બાયોફ્યુઅલનો સંબંધ છે, અમારું લક્ષ્ય હંમેશા ૨૦ ટકા (ઈથેનોલ મિશ્રણ) હતું, અને આ સમયે તેને ૨૦ ટકાથી વધુ વધારવાનો અમારો કોઈ ઈરાદો નથી." તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ મુદ્દા પર ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે સરકાર આયાતી ક્રૂડ ઓઈલ પર તેની નિર્ભરતા ઘટાડવાની તેની વ્યૂહરચનાના ભાગ રૂપે ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલને પ્રોત્સાહન આપી રહી છે. દેશના ચાલુ ખાતાની ખાધનું એક સૌથી મોટું કારણ ક્રૂડ ઓઈલ આયાત છે. ઈ૨૦ ઈંધણ, જેમાં ૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલ હોય છે, તે દેશમાં પહેલેથી જ રજૂ કરવામાં આવ્યું છે.

ઈ૨૦ પેટ્રોલની આસપાસનો વિવાદ ત્યારે વધ્યો જ્યારે વાહનચાલકોએ ફરિયાદ કરી કે આ ઈંધણનો ઉપયોગ વાહનોની માઈલેજ ઘટાડી રહ્યો છે અને જૂના વાહનોના એન્જિન અને અન્ય ઘટકોને અસર કરી શકે છે. ઈ૨૦ પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલ હોય છે. સરકારે પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાની નીતિને પ્રદૂષણ ઘટાડવા, ક્રૂડ ઓઈલ આયાત પર નિર્ભરતા ઘટાડવા અને ખેડૂતોની આવક વધારવા માટે એક પહેલ તરીકે વર્ણવી છે.

વિવાદનો મુખ્ય સ્રોત એ હતો કે ઘણા ગ્રાહકોએ પેટ્રોલના ઓછા ઈથેનોલ વિકલ્પોની ઉપલબ્ધતાના અભાવ અંગે ફરિયાદ કરી હતી. કેટલાક વાહન માલિકોએ માઈલેજમાં




નોંધપાત્ર ઘટાડો હોવાનો પણ દાવો કર્યો હતો. જો કે, સરકારના મતે, જૂના વાહનોમાં ઈંધણ કાર્યક્ષમતા લગભગ ૩ થી ૫ ટકા સુધી પ્રભાવિત થઈ શકે છે. સરકારે એમ પણ કહ્યું હતું કે નિર્ધારિત ધોરણો મુજબ ઈ૨૦ ના ઉપયોગને કારણે એન્જિનને વ્યાપક નુકસાન થયું હોવાના કોઈ પુરાવા નથી.

આ મુદ્દાએ રાજકીય વળાંક પણ લીધો છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ઈ૨૦ સામે ચાલી રહેલા ઓનલાઈન વિરોધને પ્રાયોજિત ઝુંબેશ ગણાવી છે. દરમિયાન, ગ્રાહકોએ બળતણ વિકલ્પો, પારદર્શિતા અને સંભવિત વધારાના ખર્ચ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. આમ, વિવાદનું કેન્દ્ર પર્યાવરણીય લાભો અને ડ્રાઈવર ખર્ચ અને બળતણ સુસંગતતા વચ્ચેનું સંતુલન રહે છે.

## વડોદરામાં પીએનજી ગેસ કનેક્શન માટે 'મહામારી'; ૬થી ૮ મહિનાનું વેઈટિંગ, હજારો અરજીઓ વચ્ચે લાગી લાંબો કતારો!




વડોદરા

વડોદરાના દાંડિયાબજાર સ્થિત વીજીએલ ઓફિસ બહાર આજકાલ રોજ સવારે નવા કનેક્શન માટે લાંબી કતારો જોવા મળે છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ અને યુદ્ધની સ્થિતિ બાદ એલપીજી સિલિન્ડરના વિકલ્પ તરીકે પાઈપલાઈન ગેસની માંગ અચાનક વધી ગઈ છે. માત્ર રહેણાંક જ નહીં, પરંતુ કોમર્શિયલ ગેસ કનેક્શનો માટે પણ પડાપડી થઈ રહી છે.

હાલ વડોદરા શહેરમાં અંદાજે ૩ લાખ લોકો પાઈપલાઈન દ્વારા ગેસ મેળવી રહ્યા છે. વડોદરા ગેસ લિમિટેડ કંપની દ્વારા ૧૦ એજન્સીઓની મદદથી રોજના અંદાજે ૨૫૦ નવા કનેક્શન આપવામાં આવી રહ્યા છે, જે વધતી જતી માંગ સામે ખૂબ જ ઓછા છે. છેલ્લા એક વર્ષથી હજારો અરજીઓ પેન્ડિંગ હોવાથી નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં સૌપ્રથમવાર વડોદરા શહેરમાં જ પાઈપલાઈનથી ગેસ કનેક્શન આપવાની શરૂઆત થઈ હતી. તેમ છતાં, વર્તમાન સમયમાં તંત્રની ગોકળગાય ગતિએ ચાલતી કામગીરીના કારણે શહેરીજનો સમયસર ગેસ કનેક્શન મેળવી શકતા નથી.પીએનજી ગેસના ભાવમાં વધારો થયો હોવા છતાં લોકોની ડિમાન્ડ અટકવાનું નામ નથી લઈ રહી.વીજીએલ કંપનીના અધિકારી કહી રહ્યા છે કે લોકોને ઝડપથી નવા ગેસ કનેક્શન મળી જાય તે માટે કામગીરી કરાઈ રહી છે.

ગ્રાહકોની સ્પષ્ટ માંગ છે કે વીજીએલ કંપની દ્વારા કામગીરી વધુ ઝડપી બનાવવામાં આવે અને વેઈટિંગ પિરિયડ ઘટાડીને વહેલી તકે કનેક્શન ફાળવવામાં આવે, જેથી સામાન્ય જનતાને પડી રહેલી હાલાકીમાંથી રાહત મળી શકે. હાલમાં હજારો નવા ગેસ કનેક્શનની અરજી પેન્ડિંગ છે ત્યારે કેટલા સમય સુધી લોકોને હજી પીએનજી ગેસ માટે રાહ જોવી પડશે તે સવાલ ઉઠી રહ્યો છે.

## દિવાળી સમયે ડ્રાયફ્રુટના ભાવમાં વધારો, રાજકોટમાં ૭૦ કરોડના વેપારની આશા

રાજકોટ

અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધની અસર દિવાળીના ડ્રાયફ્રુટ ઉપર પણ જોવા મળી રહી છે. ગઈ દિવાળીની સરખામણીએ આ દિવાળીએ અલગ અલગ ડ્રાયફ્રુટના ભાવમાં તોતિંગ ઉછાળો આવ્યો છે. રાજકોટ શહેરમાં દિવાળી પહેલાના એક મહિના દરમિયાન સૂકામેવા બજારમાં કરોડો રૂપિયાના ડ્રાયફ્રુટ વેચાય છે.

દિવાળી પહેલા જ સૂકામેવાના ભાવમાં ભડકો થયો છે. આ વખતે ડ્રાયફ્રૂટ કડવા લાગી રહ્યા છે. ઈરાન-અમેરિકા યુદ્ધની અસર ડ્રાયફ્રૂટના ભાવ ઉપર થઈ છે. બદામ, પિસ્તા અને કાજુના ભાવમાં ૨૫ થી ૫૫ ટકાનો ઉછાળો આવ્યો છે. ડ્રાયફ્રૂટના વેપારીએ કહ્યું હતું કે ૨૦૦ કન્ટેનરની જરૂરિયાત સામે આવક માત્ર ૨૦ કન્ટેનરની જ થઈ રહી છે. ગયા વર્ષે જે ૧ કિલો બદામના ભાવ ૮૦૦ હતા, તે આ વર્ષે ૧,૨૦૦ થયા છે. ગયા વર્ષે કાજુ ૭૦૦ના વેચાતા હતા, એ આ વર્ષે ૧,૦૦૦ના વેચાઈ રહ્યા છે. જે પિસ્તાના ભાવ ૧,૨૦૦ હતા, તે આ વર્ષે ૧,૮૦૦ના વેચાઈ રહ્યા છે. જે પિસ્તા મોરાના ભાવ ૨,૦૦૦ હતા, એ આ વર્ષે ૩,૦૦૦ના વેચાઈ રહ્યા છે. ચારોળી ૨,૦૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. જોકે, આ બધાની વચ્ચે અંજીર સસ્તાં થયાં છે. અંજીરના ભાવ ૧,૨૦૦થી ઘટીને ૯૦૦ થયા છે. જરદાળુના ભાવમાં અછતને કારણે પ્રતિ કિલો ૪૦૦થી સીધો વધારો થઈને ૧,૨૦૦ થયા છે.

ડ્રાયફ્રુટ વેચતા વેપારીનું કહેવું છે કે રાજકોટ એ સૌરાષ્ટ્રમાં ડ્રાયફ્રૂટ બજારનું હબ છે. અહીંયા દિવાળીના એક મહિના પહેલા ડ્રાયફ્રૂટની માંગમાં વધારો થતો હોય છે. અત્યાર સુધી ૫૦ કરોડથી ૬૦ કરોડ રૂપિયાનો વેપાર માત્ર દિવાળી પહેલાના એક મહિના દરમિયાન થતો હતો. આ વખતે ભાવ વધ્યા છે એટલા માટે ૭૦ કરોડ રૂપિયા જેટલો વેપાર થાય એવી શક્યતા છે. ભાવ વધ્યા છે પણ તેમની અસર ગ્રાહકની ખરીદી ઉપર નથી જોવા મળી રહી. પહેલા ડ્રાયફ્રુટ એ અલગ અલગ દેશોમાંથી દરિયાઈ માર્ગે આવતા હતા, પરંતુ યુદ્ધની સ્થિતિ અને ખરાબ પરિસ્થિતિના કારણે ડ્રાયફ્રુટ હવાઈ માર્ગે આવી રહ્યા છે એટલે કે તેમનો ટ્રાન્સપોર્ટ ખર્ચ પણ મોંઘો થયો છે.

લોકોએ પણ કહ્યું કે તહેવાર સમયે અલગ અલગ મીઠાઈઓ બનતી હોય છે, જેમાં ડ્રાયફ્રુટનો ઉપયોગ કરવો પડતો હોય છે. આ ઉપરાંત નવા વર્ષે મુખવાસ તરીકે પણ ડ્રાયફ્રુટનો ઉપયોગ થતો હોય છે, જેથી મોટા પ્રમાણમાં ડ્રાયફ્રુટની ખરીદી કરવી પડતી હોય છે.

## નાહનમાં પથ્થરમારાની ઘટના બાદ વહીવટીતંત્ર સતર્ક, કલમ ૧૬૩ લાગુ, રેલીઓ અને સરઘસો પર પ્રતિબંધ

નાહન

૨૩ ઓક્ટોબરના રોજ શહેરના વાલ્મિકી ચોક ખાતે બે સમુદાયો વચ્ચે થયેલી અથડામણ અને પથ્થરમારાની ઘટના બાદ જિલ્લા વહીવટીતંત્રે સાવચેતીના પગલાં લીધા છે. જિલ્લા મેજિસ્ટ્રેટ સિરમૌર પ્રિયંકા વર્માએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ એક આદેશ જારી કર્યો છે, જેમાં ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી નાહનના સંવેદનશીલ વિસ્તારોમાં વિવિધ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વહીવટીતંત્રના આદેશ અનુસાર, આ પ્રતિબંધો દોસરકાથી દિલ્હી ગેટ થઈને વાલ્મીકિ ચોક અને વાલ્મીકિ ચોકથી એન્ટ્રી ગેટ બસ સ્ટેન્ડ સુધીના માર્ગો અને બંને બાજુના વિસ્તારોમાં લાગુ પડશે.

વહીવટ મુજબ, વાલ્મીકિ સમુદાય અને શીખ સમુદાયના સભ્યો વચ્ચેના વિવાદને કારણે ૨૩ ઓક્ટોબરે વાલ્મીકિ ચોક ખાતે પરિસ્થિતિ હિંસક બની હતી. પથ્થરમારામાં પોલીસ કર્મચારીઓ અને બંને સમુદાયના સભ્યો ઘાયલ થયા હતા, અને જાહેર અને ખાનગી મિલકતને નુકસાન થયું હતું, જેના કારણે સામાન્ય ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. સિરમૌરના પોલીસ અધિક્ષકના અહેવાલના આધારે, વહીવટીતંત્રે આશંકા વ્યક્ત કરી છે કે વાલ્મીકિ ચોક ખાતે માળખાને થયેલા નુકસાનનો વિરોધ કરવા માટે ૨૭ ઓક્ટોબરના રોજ સવારે ૧૦ વાગ્યે બંને સમુદાયના લોકો ભેગા થઈ શકે છે. હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા અને ચંદીગઢના નિહંગ શીખો પણ આવવાની ધારણા છે. સંભવિત સંઘર્ષને રોકવા અને શાંતિ જાળવવા માટે, વહીવટીતંત્રે પ્રતિબંધિત આદેશો જારી કર્યા છે.કલમ ૧૬૩ હેઠળ જારી કરાયેલા આદેશ મુજબ, સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વિના જાહેર સ્થળે પાંચ કે તેથી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ રહેશે. પરવાનગી વિના રેલીઓ, સરઘસો અને પ્રદર્શનો યોજવા તેમજ ટ્રાફિકને અવરોધતી પ્રવૃત્તિઓ પર પણ પ્રતિબંધ છે. લાકડીઓ, સળિયા, ખંજર, ભાલા, તલવારો, છરી અને પાવડા સહિત ઘાતક શસ્ત્રો અથવા વાંધાજનક વસ્તુઓ લઈ જવા, જાહેર સ્થળોએ પથ્થરો ફેંકવા, ભડકાઉ ભાષણો આપવા અને સાંપ્રદાયિક સૂત્રોચ્ચાર કરવા પર પણ પ્રતિબંધ રહેશે. મશાલો, પૂતળા અને ટાયર જેવી જ્વલનશીલ વસ્તુઓ બાળવા, ફટાકડા ફોડવા અને ભડકાઉ બેનરો અને પોસ્ટરો પ્રદર્શિત કરવા પર પણ પ્રતિબંધ છે.આ આદેશ પોલીસ, ફાયર સર્વિસ, સેના, અર્ધલશ્કરી દળો, કાયદો અને વ્યવસ્થાની ફરજો પરના સરકારી કર્મચારીઓ અને વીજળી, પાણી અને મ્યુનિસિપલ સેવાઓને લગતા આવશ્યક વાહનોને મુક્તિ આપે છે. તબીબી કટોકટીમાં ઉપયોગમાં લેવાતા વાહનો, તેમજ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાને પણ આ આદેશમાંથી મુક્તિ આપવામાં આવી છે. સિરમૌરના પોલીસ અધિક્ષકને પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે પ્રતિબંધોનું ઉલ્લંઘન કરનારાઓ સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. લોકોને શાંતિ જાળવવા અને વહીવટીતંત્રના આદેશોનું પાલન કરવા પણ વિનંતી કરવામાં આવી છે.

# સંતરામપુર પંથકમાં જળસંકટ નિવારવા ધારાસભ્ય દ્વારા કડાણા જળાશય માંથી પાણી છોડવા મુખ્યમંત્રીને રજૂઆત

સંતરામપુર,

ચાલુ વર્ષે અપૂરતા વરસાદને કારણે મહીસાગર જીલ્લાના સંતરામપુર જેવા આદિવાસી તાલુકામાં અનાવૃષ્ટિ અને દુષ્કાળ જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સાથે-સાથે ખેતીના પાક અને મૂગા પશુઓ માટે પણ પાણીની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈને ૧૨૩-સંતરામપુર વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય અને મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ એમ. ડિંડોરે માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને તાકીદનો પત્ર પાઠવીને તાત્કાલિક ધોરણે પાણી ઉપલબ્ધ કરાવવા ખાસ ભલામણ કરી છે.

૧૪ તળાવો સંપૂર્ણપણે ખાલી, પ્રજા સમક્ષ ગંભીર જળસંકટ : ધારાસભ્યએ રજૂઆતમાં જણાવ્યું છે કે આદિવાસી તાલુકાના અનેક ગામોમાં પીવા, ખેતી અને પશુઓ માટે પાણીની જરૂરિયાત પૂરી પાડતા સ્થાનિક તળાવો જ મુખ્ય જળસ્ત્રોત છે. વિસ્તારમાં પાણીનો અન્ય કોઈ વૈકલ્પિક સ્ત્રોત ઉપલબ્ધ ન હોવાથી પ્રજા માટે તળાવોમાં પાણીનો સંગ્રહ અત્યંત આવશ્યક છે. પરંતુ, ચાલુ વર્ષે ઓછો વરસાદ થવાને કારણે સંતરામપુર તાલુકાના ૧૪ જેટલા તળાવો સંપૂર્ણપણે ખાલી થઈ ગયા છે.

મોરલ નાકા-બાબરી ઉદ્વહન સિંચાઈ યોજનાથી ઉકેલ લાવવા માંગ : આગામી સમયમાં સ્થાનિક પ્રજાજનોને પીવાની ગંભીર અછતનો સામનો કરવો ન પડે તે માટે, આ ૧૪ તળાવોને 'મોરલ નાકા-બાબરી ઉદ્વહન સિંચાઈ યોજના' (Lift Irrigation Project) મારફત કડાણા જળાશયમાંથી અંદાજે ૭ થી ૮ મિલિયન ઘનમીટર (MCM) પાણી ઉપલબ્ધ કરાવવા માટે માંગ કરવામાં આવી છે.

વડાતળાવ અને સુખી નદીના ચેકડેમો ભરવા પર ભાર : આ ૧૪ તળાવો ભરવા માટે પ્રથમ વડાતળાવમાં પાણી છોડીને તળાવો ભરવામાં આવે તેમજ સુખી નદી પર આવેલા ચેકડેમો પણ ભરવામાં આવે તેવી ખાસ જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. આ જનહિતના મહત્વપૂર્ણ કામ માટે ગ્રામજનો દ્વારા ધારાસભ્ય સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. જેની વ્યાજબીતાને સ્વીકારીને આ બાબતે શક્ય એટલી ત્વરાએ જરૂરી મંજૂરી આપવા માટે ઉચ્ચ કક્ષાએ ભલામણ કરાઈ છે.

# નસવાડીમાં ઓછા વરસાદને લઈ તુવેર અને કપાસના પાકને નુકસાનની ભીતિ



નસવાડી,

નસવાડી તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં ઓછા વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. મકાઈ, તુવેર અને કપાસના પાકનો વિકાસ અટકી ગયો છે. ૫૦થી વધુ ગામોમાં પાકને નુકસાન થવાની ભીતિ છે. અંદાજે ૪ હજાર હેકટરથી વધુ વિસ્તારમાં નુકસાનની શકયતા છે.ખેડૂતો સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યા છે. નસવાડી તાલુકાનાં ૨૧૨ ગામોમાં કેનાલ વિસ્તારમાંનાં ગામોને પાણીની સુવિધા મળે છે. મોટા ભાગનો ડુંગરાળ વિસ્તાર વરસાદ આધારિત ખેતી પર નિર્ભર છે. ચોમાસાની શરૂઆત સારી થઈ હતી. ખેડૂતોએ વાવેતર કર્યું હતું. છેલ્લા એક મહિનાથી વરસાદ ખેંચાતાં ખેતરોમાં મકાઈ, તુવેર અને કપાસના છોડ પીળા પડી સુકાવા લાગ્યા છે.

ખેડૂતોએ વ્યાજે નાણાં લઈ બિયારણ અને ખાતર ખરીદ્યાં હતાં. હવે પાક નિષ્ફળ જવાની ભીતિ છે. ખેડૂતો દેવામાં ડૂબવાની ચિંતામાં છે. નર્મદા નદી નજીક હોવા છતાં ડુંગરાળ વિસ્તારનાં ગામોમાં સિંચાઈની સુવિધા પહોંચી નથી. નર્મદા કેનાલનું પાણી પણ મળતું નથી.કુપ્પા, પીપળવાળી, ડબ્બા, ખેંદા, છોટીઉંમર અને સાંકડીબારી સહિતનાં ગામોમાં નુકસાનની સ્થિતિ છે. ખેતીવાડી વિભાગ દ્વારા ખેતરોમાં સર્વે થાય. નુકસાનનો અહેવાલ સરકાર સમક્ષ રજૂ કરવામાં આવે. ખેડૂતોને આર્થિક સહાય મળે. સિંચાઈની સુવિધા પણ પૂરી પાડવામાં આવે. આવી માંગ ઊઠી છે.

ઓછા વરસાદથી મકાઈનાપાકમાં ૯૦% ઘટાડાની ભીતિ ગત વર્ષે અમારા ખેતરમાં ૧૦૦ મણ મકાઈપાકી હતી, જ્યારે આ વર્ષે ૧૦ મણ પણપાકે તો સારૂં. નસવાડીના ડુંગરાળવિસ્તારમાં ઓછા વરસાદને કારણે મકાઈ,કપાસ, તુવેર સહિતના પાકનો ગ્રોથ અટકીગયો છે. મકાઈના છોડ સુકાઈ ગયાહોવાથી ગત વર્ષની સરખામણીએ ૯૦ ટકાઓછું ઉત્પાદન થવાની ભીતિ છે. કપાસનાછોડમાં હવે જે કપાસ ઉગે તે ખરો.સિંચાઈની સુવિધા ન હોવાથી ૫૦થી વધુગામોમાં પાક સુકાવાના આરે છે. નર્મદાનદી નજીક હોવા છતાં સરકાર દ્વારાપાણીની સુવિધા આપવામાં આવી નથી.સરકાર તાત્કાલિક સર્વે કરાવી આ અંગેધ્યાન આપે.

:- નારજીભાઈ ડુંગરાભીલ, ખેડૂત, ડબ્બા.-:

ખેતી નિષ્ફળ જવાની ભીતિથી ખેડૂતો ચિંતિત ગત વર્ષની સરખામણીએ ઓછા વરસાદને કારણે મકાઈ, તુવેર અને કપાસ જેવા પાક નિષ્ફળ જાય તેવી સ્થિતિ છે. મોંઘા બિયારણ, ખાતર અને મજૂરી ખર્ચ કરીને પાક તૈયાર કર્યો, પરંતુ વરસાદ ન પડતાં ખેતીમાં નુકસાન થયું છે. હવે બાળકોને શું ખવડાવવું અને લગ્નપ્રસંગો કેવી રીતે કરવા તેની ચિંતા છે. મજૂરી કરવા સૌરાષ્ટ્ર જવું પડશે કે શું, તેવા સવાલો ઊભા થયા છે. સરકાર સર્વે કરીને સહાય આપે તો સારૂં. લગ્નપ્રસંગ સહિત બધું ખેતી પર નિર્ભર છે, ત્યારે ખેતી નિષ્ફળ જવાની ચિંતા સતાવે છે.

:- શામજીભાઈ ડુંગરા ભીલ, ખેડૂત.-:

# સંખેડાના જગદંબા જીનમાં પ્રથમ દિવસે ૧૨૭૬ ક્વિન્ટલની આવક



સંખેડા,

સંખેડાના મેવાસ વિસ્તારમાં આવેલા હાંડોદ ગામને કપાસની ખરીદી માટેનું મુખ્ય વેપારી હબ માનવામાં આવે છે. આ વિસ્તારમાં ૪ જેટલી કપાસની જીન આવેલી છે, જેમાં સૌથી જૂની જગદંબા જીન' ખાતે કપાસ ખરીદીના શુભ મુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો.

કપાસ ખરીદીના શુભ મુહૂર્ત પ્રસંગે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો પોતાના વાહનોમાં કપાસ ભરીને જીન પરિસરમાં પહોંચ્યા હતા. મુહૂર્તના પ્રથમ દિવસે જ જીનમાં કુલ ૧૨૯ સાધનો મારફતે કપાસની નોંધપાત્ર આવક નોંધાઈ હતી.

સમગ્ર દિવસ દરમિયાન ૧૨૭૬ ક્વિન્ટલ કપાસની ધરખમ આવક થતાં જીન પરિસરમાં ભારે ચહલપહલ જોવા મળી હતી. મુહૂર્તના દિવસે જ ખેડૂતોને તેમના કપાસના પોષણક્ષમ અને સારા ભાવ મળી રહેતાં તેમના ચહેરા પર ખુશી જોવા મળી હતી. જગદંબા જીનમાં કપાસના ભાવો ઊંચામાં રૂા.૯૦૨૧ પ્રતિ ક્વિન્ટલ સુધી બોલાયા હતા.

શરૂઆતમાં જ ૯ હજારથી વધુનો ભાવ મળતાં સ્થાનિક ખેડૂતોમાં સંતોષ વ્યાપ્યો હતો. હાંડોદ પંથકમાં કપાસની શરૂઆતથી જ થયેલી ધૂમ આવક અને મજબૂત ભાવોને જોતાં, ચાલુ સીઝન ખેડૂતો તેમજ વેપારીઓ બંને માટે ખૂબ જ આશાસ્પદ અને આર્થિક રીતે સમૃદ્ધ રહેશે તેવી ક્ષેત્રના લોકો આશા વ્યક્ત કરી રહ્યા છે.

બોડેલીમાં કપાસની જાહેર હરાજીશરૂ, પ્રથમ દિવસે ૨૧ વાહનો આવ્યા ખેતીવાડી બજાર સમિતિના મુખ્ય યાર્ડમાં શરદ પૂનમના બીજા દિવસથી કપાસની જાહેર હરાજીનો શુભારંભ પ્રમુખ કૌશિક પટેલના હસ્તે કરાયો હતો, ત્યારે ઉપપ્રમુખ, સેક્રેટરી, સભ્યો, વેપારીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.કપાસની જાહેર હરાજીના પ્રથમ દિવસે ૨૧ વાહનો આવ્યા હતા અને પ્રતિ ક્વિન્ટલ ભાવ રૂા.૮૮૦૦થી ૯૧૦૦ બોલાયા હતા, જે સીસીઆઈનો ટેકાનો ભાવ રૂા.૮૬૧૭ કરતાં વધુ બજાર ભાવ પડ્યા હતા.

# બોડેલીમાં ૫૯ લાખના ખર્ચે મુકાયેલા ૧૩૦ એલ.ઈ.ડી.સ્ટ્રીટલાઈટ ૭ દિવસમાં બંધ

બોડેલી,

બોડેલી નગરમાં રાત્રિના સમયે નાગરિકોને અજવાળાની પુરતી સુવિધા મળી રહે તે હેતુસર નગરપાલિકા દ્વારા રૂ.૫૯ લાખથી વધુના માતબર ખર્ચે બેસાડવામાં આવેલી એલઈડી સ્ટ્રીટ લાઈટો લોકાર્પણના માત્ર એક જ અઠવાડિયામાં વિવાદના વંટોળે ચઢી છે. સંખેડાના ધારાસભ્ય અભેસિંગ તડવીના હસ્તે ઉત્સાહભેર લોકાર્પણ થયા બાદ, ડભોઈ રોડ પર આવેલ પેટ્રોલપંપની સામે એક તરફથી એલઈડી લાઈટો બંધ થઈ જતાં સ્થાનિક તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

બોડેલી નગરમાં પ્રજાની સુખાકારી અને સલામતી માટે વિવિધ સોસાયટીઓ તેમજ બોડેલી-ડભોઈ મુખ્ય માર્ગ સહિતના વિસ્તારોમાં આધુનિક એલઈડી સ્ટ્રીટલાઈટો નાંખવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત રૂ.૫૯ લાખના ખર્ચે આશરે ૧૩૦ જેટલા સ્ટ્રીટલાઈટના થાંભલા ઉભા કરાયા હતા. લાઈટો ફિટ કરાઈ હતી. આટલી મોટી માતબર રકમ ખર્ચાયા બાદ થોડા જ દિવસોમાં ડભોઈ રોડ જેવા વ્યસ્ત માર્ગ પર એક જ સાઈડની લાઈટો બંધ થઈ જતાં રાત્રે અવર જવર કરતા વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુંઝવણ અને મુશ્કેલીમાં મુકાયા છે. આ યોજના અંતર્ગત થયેલા ખર્ચને લઈને નગરમાં જોરશોરથી ચર્ચાઓ શરૂ થઈ છે.

# બોડેલીના બામરોલી પાસે રેતી ભરેલું ડમ્પર પલટ્યું : રેતી રોડ પર ઢોળાઈ



બોડેલી,

બોડેલી-ડભોઈ રોડ પર બામરોલી ગામ નજીક રેતી ભરેલું એક ડમ્પર પલટી ગયું. અકસ્માત બાદ ડમ્પરના ડ્રાઈવરને નાની-મોટી ઈજાઓ થઈ હતી. જોકે, તે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ ઘટનાની જાણ બોડેલી પોલીસને થતાં તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા અને તપાસ શરૂ કરી. ડમ્પર મુખ્ય માર્ગ પર પલટી જતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

# મહિસાગર જિલ્લાને દુકાળગ્રસ્ત જાહેર કરવા સંતરામપુરના ખેડુતોનુ પ્રાંત અધિકારીને આવેદન

સંતરામપુર,

વર્ષ-૨૦૨૬/૨૭ માં અલનીનોની માઠી અસરને કારણે ગુજરાતમાં વરસાદ અનિયમિત રહ્યો છે. જેના પરિણામે મહિસાગર જિલ્લામાં ખરીફ પાક જેવા કે, ડાંગર, સોયાબીન, મકાઈ, કઠોળ, અને ઘાસચારાનો પાક સંપુર્ણપણે સુકાઈ ગયો છે. કુવા, બોર અને તળાવમાં પાણી ખલાસ થઈ જવાથી રવિ પાક થવાની કોઈ આશા રહી નથી. જેને લઈને ખેડુતો, ખેત મજુરો અને શ્રમિકો સમક્ષ રોજીરોટીનો મોટો પ્રશ્ન ઉભો થયો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈને ગુજરાત કિસાન સભાના નૈતૃત્વ હેઠળ મહિસાગર જિલ્લાના સંતરામપુરમાં ખેડુતોએ વિશાળ રેલી યોજી હતી. અને મુખ્યમંત્રીને સંબોધતુ એક આવેદનપત્ર પ્રાંત અધિકારીને સુપરત કર્યુ હતુ. આવેદનપત્રમાં મહિસાગર જિલ્લાને તાત્કાલિક ધોરણે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. સાથે જણાવ્યા મુજબ નિષ્ફળ થયેલા ખેતીના પાકો માટે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ હેકટર દીઠ રૂ.૨૫,૦૦૦ ની સહાય આપવામાં આવે. ખેડુતો તથા ખેત મજુરોના બેંક અને સહકારી આર્થિક દેવા માફ કરવામાં આવે, અને રોજગારી માટે રાહત કાર્યો શરૂ કરવામાં આવે. આ ઉપરાંત પશુધન બચાવવા ઘાસચારાના ડેપો ખોલવા, પીવાના પાણીની કાયમી વ્યવસ્થા કરવા, જિલ્લાના તમામ તળાવો પાઈપલાઈનથી ભરવા તેમજ જંગલ જમીનમાં ખેતી કરવા આદિવાસી ખેડુતોને કાયમી પટ્ટા આપવાની ઉગ્ર માંગ કરાઈ છે. જો આગામી ૧૫ દિવસમાં સરકાર દ્વારા આ મામલે યોગ્ય નિર્ણય કરવામાં નહિ આવે તો ઉગ્ર ખેડુત આંદોલન અને સરકારી કાર્યક્રમોનો ઘેરાવ કરવાની અને મામલતદાર કચેરી સામે દિવસ-રાત પડાવ નાંખવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. આ કાર્યક્રમમાં મહિસાગર જિલ્લા કિસાન સભા સંઘર્ષ સમિતિના આગેવાનો તેમજ ગુજરાત કિસાન સભાના પ્રમુખ ડાયાભાઈ ગજેરા, મહામંત્રી પરષોત્તમ પરમાર સહિતના અગ્રણિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંખેડાના ધંટોલી અને કલેરીયા ગામના બિસ્માર રસ્તાનુ સમારકામ ન કરાતા ગ્રામજનોને હાલાકી

નસવાડી,

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ધંટોલી ગામથી કલેરીયા અને નસવાડી તરફ જોડતા રસ્તાની હાલત અત્યંત બિસ્માર બની છે.

છેલ્લા ૧૫ વર્ષથી રસ્તો નવો બનાવ્યો ન હોવાના કારણે ડામર ઉખડી જતાં રસ્તા પર નાંખવામાં આવેલી કપચી બહાર આવી ગઈ છે. રસ્તા પર ઠેર ઠેર મોટા ખાડાઓ પડી જતાં વાહનચાલકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. તેમ છતાં પંચાયત માર્ગ મકાન વિભાગના અધિકારીઓ દ્વારા રસ્તાનુ સમારકામ કરવામાં આવ્યુ નથી. ધંટોલી ગામથી કલેરીયા અને નસવાડી તરફ જવાનો રસ્તો સ્થાનિકો, ખેડુતો અને વાહનચાલકો માટે મહત્વનો છે. પરંતુ રસ્તાની બિસ્માર હાલતના કારણે અવર જવરમાં મુશ્કેલી ઉભી થઈ છે.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ રસ્તા પર પડેલા ખાડાઓનુ સમારકામ કરાવવા માટે સરપંચ અને તલાટીને વારંવાર રજુઆતો કરી છે. સંબંધિત અધિકારીઓને ફોન કરી રસ્તાની ખરાબ સ્થિતિની જાણ કરી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

# છોટાઉદેપુર જિલ્લામાં પ્રાયોજના વહીવટદારની બદલી બાદ જગ્યા ન ભરાતા રૂ.૯૯ કરોડના વિકાસના કામોની મંજુરી અટકી

નસવાડી,

છોટાઉદેપુર પ્રાયોજના વહીવટદારની ખાલી જગ્યા પડતા ૯૯ કરોડના વિકાસ કામોની વહીવટી મંજુરીમાં વિલંબની ભિતી ગ્રામ પંચાયતોની ચુંટણીની આચારસંહિતા લાગુ પડે તે પહેલા મંજુરીની પ્રક્રિયા પુર્ણ કરવા જરૂરિયાત ઉભી થઈ છે.

છોટાઉદેપુર જિલ્લામાં પ્રાયોજના વહીવટદારની બદલી થતાં જગ્યા ખાલી પડતા જિલ્લાના વિવિધ વિકાસ કામોની વહીવટી મંજુરીની પ્રક્રિયામાં વિલંબ થયાની ભિતી ઉભી થઈ છે. હાલ અંદાજે રૂ.૯૯ કરોડના વિકાસ કામોને પ્રાથમિક મંજુરી આપી છે. પરંતુ આ કામોની વહીવટી મંજુરીની પ્રક્રિયા હજુ બાકી છે. આગામી દિવસોમાં ગ્રામ પંચાયતોની ચુંટણીની આચારસંહિતા લાગુ પડે તે પહેલા મંજુરીની પ્રક્રિયા પુર્ણ નહિ થાય તો વિકાસના કામો અટવાઈ શકે તેવી શકયતા છે. તાજેતરમાં છોટાઉદેપુર જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમારની ગાંધીનગર ખાતે ગૃહ વિભાગમાં નાયબ સચિવ તરીકે બદલી કરી હતી.છોટાઉદેપુરના પ્રાયોજના વહીવટદાર તરીકે ફરજ બજાવતા ઓમકાર શિંદેને જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે. આ ફેરફારના પગલે પ્રાયોજના વહીવટદારની જગ્યા ખાલી પડી છે. ખાલી પડેલી આ જગ્યા પર હજુ સુધી નવા અધિકારીની નિમણુંક કરી નથી. છોટાઉદેપુર જિલ્લાના ૭ તાલુકામાં વિકાસના વિવિધ કામો માટે પ્રાયોજના વહીવટદારની કચેરી મહત્વની ભુમિકા ભજવે છે. આ કચેરી દ્વારા આદિવાસી વિસ્તારોમાં મોડેલ સ્કુલો સહિત વિવિધ વિકાસલક્ષી કામો માટે ગ્રાન્ટ ફાળવવાની અને સંબંધિત કામગીરી હાથ ધરે છે. ગ્રામ પંચાયતની ચુંટણીઓ નજીક આવવાની શકયતાને પગલે આચારસંહિતા લાગુ પડે તે પહેલા મંજુરીની પ્રક્રિયા પુર્ણ કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. જો સમયસર વહીવટી મંજુરી નહિ મળે અને આચારસંહિતા લાગુ પડી જશે તો વિકાસકામોની કામગીરીમાં વિલંબ થઈ શકે છે.

## નામ બદલેલ છે.

મારું જૂનું નામ સાલેહાબહેન મેહફુજ કલા છે.જે બદલી ને નવું નામ સાલેહાબીબી મહફુજ કલા કર્યું છે.

સરનામું : 459, બજારના અંતે, વેજલપુર, વેજલપુર, તા- કાલોલ, પંચમહાલ, ગુજરાત, 389340

## આપની આજ.......

મેષ:તમારા લગ્ન જીવનમાં મધુરતા રહેશે, જેના કારણે તમારા જીવનસાથી પણ ખુશ દેખાશે. નોકરી કરતા લોકોએ આજે પોતાના ગુસ્સા પર કાબુ રાખવો પડશે, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે

વૃષભ સરકારી નોકરી કરતા લોકોએ આજે પોતાના બધા કામ ઈમાનદારીથી કરવા પડશે, નહીં તો તેમને તેમના અધિકારીઓ તરફથી અવરોધોનો સામનો કરવો પડી શકે છે, તેથી સાવચેત રહો.

મિથુન આજનો દિવસ નોકરી કરતા લોકો માટે ચોક્કસ પરિણામો લાવશે, નોકરી કરતા લોકોને આજે પ્રમોશન મળવાની શક્યતા છે, તેથી અધિકારીઓ સાથે તમારી વાણીમાં મધુરતા જાળવી રાખો.

કર્ક આજે પરિવારમાં સુખદ વાતાવરણ રહેશે. આજે તમે વ્યવસાયમાં નવી રણનીતિ પર કામ કરશો, જેમાં વધુ દોડાદોડ થશે. આજે નોકરી સાથે જોડાયેલા લોકો માટે કાર્યસ્થળ પર સારું વાતાવરણ રહેશે.

સિંહ આજનો દિવસ વિદ્યાર્થીઓ માટે તણાવપૂર્ણ હોઈ શકે છે. પરીક્ષાની તૈયારીમાં કેટલીક અડચણો આવી શકે છે. આજે ભાઈ-બહેનોની કેટલીક સમસ્યાઓનું નિરાકરણ લાવવું પડશે.

કન્યા આજે તમારું સામાજિક વર્તુળ પણ વધ્યું હશે, જેના કારણે લોકો તમારી સાથે મિત્રતા કરવાનો પ્રયાસ પણ કરશે. આજે પરિવારમાં કોઈ સમસ્યા સામે આવી શકે છે.

તુલા જો બાળકોના લગ્નને લઈને કોઈ તણાવ હોય તો તે આજે જ સમાપ્ત થઈ જશે. આજે માતા-પિતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો કારણ કે આજે તેમની કોઈ જૂની બીમારી તમને પરેશાન કરી શકે છે.

વૃશ્ચિક તમને તમારા સાસરિયાઓ તરફથી પણ સહયોગ મળી રહ્યો છે અને જેઓ રોજગાર ક્ષેત્રમાં છે તેમને પણ સફળતા મળશે. ધાર્મિક કાર્યોને કારણે તમારી સ્થિતિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

ધનુઆજનો દિવસ તમારા માટે તમારા વ્યવસાયમાં આંખો અને કાન બંને ખુલ્લા રાખીને કામ કરવાનો રહેશે કારણ કે તમારા કેટલાક વિરોધીઓ આજે તમારું કામ બગાડવાનો પ્રયાસ કરશે

મકર આજનો દિવસ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં નિર્ણય લેવાની તમારી ક્ષમતામાં મદદરૂપ સાબિત થશે, જે તમારી ભવિષ્યની યોજનાઓને પણ મજબૂત બનાવશે.

કુંભ સરકારી નોકરીઓ સાથે જોડાયેલા લોકોને આજે ટ્રાન્સફરની માહિતી મળી શકે છે. તમારા પ્રેમ જીવનમાં મધુરતા રહેશે અને તમે તમારા જીવનસાથીને ક્યાંક બહાર લઈ જઈ શકો છો. વિદ્યાર્થીઓને આજે કંઈક નવું શીખવાની તક મળશે.

મીનવિદ્યાર્થીઓ આજે કોઈ સ્પર્ધામાં જીતી શકે છે, જે તેમને ખૂબ ખુશ કરશે અને તેમના ભવિષ્યનો માર્ગ મોકળો કરશે. આજે તમારે કાર્યસ્થળ પર મિત્રો તરીકે મળતા દુશ્મનોથી સાવધ રહેવું પડશે

## જાહેર નોટીસ

ગરબાડાના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. જે. ટી. માવી — મુ.તા.૦૫/૧૨/૨૦૨૬ કિ.પ.અ.નં. ૩૧૧/૨૦૨૬ આંક:- ૦૪

| | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| અરજદાર મેઘજીભાઈ પાંગળાભાઈ બામણયા | ૩૪ | ખેતી | ઝરીબુઝર્ગ, (તળાવ ફ.), તા.ગરબાડા.જિ.દાહોદ |
| વિરુદ્ધ સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત ઝરીબુઝર્ગ તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમના પિતાના નામે પાંગળાભાઈ કાળીયાભાઈ બામણયા નાઓની મરણ તા.૧૫/૦૮/૨૦૦૧ ના રોજ મોજે ગામ ઝરીબુઝર્ગ, તળાવ ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે મરણ થયેલ હોઈ તેઓની શરતચુકથી મરણની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - ઝરીબુઝર્ગ ના જન્મ-મરણ દફતરે મરણની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પિતાની મરણની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૦૫/૧૨/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૨૬ મી માહે ઓકટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

## જાહેર નોટીસ

ગરબાડાના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. જે. ટી. માવી — મુ.તા.૧૭/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૩૧૨/૨૦૨૬ આંક:- ૦૪

| | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| અરજદાર બામણયા ભારતાભાઈ કાનજીભાઈ | ૫૪ | ખેતી | ઝરીબુઝર્ગ, (કળશીયા ફ.), તા.ગરબાડા.જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત ઝરીબુઝર્ગ તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમના પુત્રના નામે બામણયા નિલેશભાઈ ભારતાભાઈ નાઓની જન્મ તા.૦૧/૦૪/૧૯૯૪ ના રોજ મોજે ગામ ઝરીબુઝર્ગ, કળશીયા ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે જન્મ થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - ઝરીબુઝર્ગ ના જન્મ-મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પુત્રની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૨૬ મી માહે ઓકટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

## જાહેર નોટીસ

ગરબાડાના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. કે.ડી.માવી — મુ.તા.૨૧/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૨૯૭/૨૦૨૬ આંક:- ૦૪

| | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| અરજદાર માવી શૈલેષભાઈ રેવચંદભાઈ | ૩૮ | ખેતી | ઝરીબુઝર્ગ, (તડવી ફ.), તા.ગરબાડા.જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત ઝરીબુઝર્ગ તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમની પુત્રીના નામે માવી અસ્મિતાબેન શૈલેષભાઈ નાઓની જન્મ તા.૦૧/૦૪/૨૦૧૦ ના રોજ મોજે ગામ ઝરીબુઝર્ગ, તડવી ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે જન્મ થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - ઝરીબુઝર્ગ ના જન્મ-મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પુત્રીની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૨૧ મી માહે ઓકટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદમાં ઈન્દોર રેલવે લાઇન પર ટ્રેન૧૬૦ની સ્પીડે દોડાવવા પ્લેટ ફોર્મ ૧ અને ૪ ને જોડાશે

દાહોદ,
દિલ્હી-મુંબઈ રેલમાર્ગ પર આવેલા પશ્ચિમ રેલવેના અતિ મહત્વના દાહોદ રેલવે સ્ટેશનનો સંપૂર્ણ કાયાપલટ થઈ રહ્યો છે. ભવિષ્યમાં પ્રતિ કલાક ૧૬૦ કિમીની ઝડપે ટ્રેનો દોડાવવાના લક્ષ્યાંક સાથે સ્ટેશનમાં ટ્રેક, પોઈન્ટ અને ઘઈઉ ઈલેક્ટ્રિફિકેશન શિફ્ટિંગની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

રેલવે સેફ્ટીના નિયમ મુજબ બે ટ્રેક વચ્ચે ૧.૫ મીટરનું અંતર જાળવવા નવા ટ્રેક પાથરીને રેલવે લાઈનનું આધુનિકીકરણ કરાઈ રહ્યું છે. વડોદરા-રતલામ સેક્શનની અપ-ડાઉન લાઈનોને નવા પ્લેટફોર્મ નંબર ૪ સાથે જોડવામાં આવી રહી છે.

ટૂંક સમયમાં શરૂ થનારી ઈન્દોરદાહોદ લાઇન માટે ઈન્દોરથી આવતી ટ્રેનો પ્લેટફોર્મ ૧ અને મુંબઈ તરફથી આવી ઈન્દોર જતી ટ્રેનો પ્લેટફોર્મ ૪ પરથી સંચાલિત થશે. ભવિષ્યમાં મેમુ, ડેમુ અને ઈન્ટરસિટી પણ પ્લેટફોર્મ ૪ પરથી દોડશે.

સ્પેસ સુધારવા અને ટ્રાફિક રોકવા એન્જિન-કોચ માટે અલગ પાર્કિંગ ટ્રેક બનશે. ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (DFC) હેઠળ ટ્રેક ૬ અને ૭ ને નવી લાઇન સાથે જોડાતાં માલગાડીઓ અલગ ટ્રેક પરથી પસાર થશે, જેથી પેસેન્જર ટ્રેનો વિલંબિત નહીં થાય.

"અમૃત ભારત સ્ટેશન યોજના" હેઠળ ૧૨ મીટર પહોળો લિફ્ટની સુવિધા સાથે ફૂટઓવર બ્રિજ અને ૮ મીટરનો નવો બ્રિજ તૈયાર થઈ રહ્યો છે. આ પૂર્ણ થતાં ૬ મીટરનો જૂનો બ્રિજ તોડી પડાશે. નવો બ્રિજ ગોદીરોડ અને બસ સ્ટેશન સાથે



સીધો જોડાશે, જેથી મુસાફરોને બંને બાજુએથી સરળ એન્ટ્રી-એક્ઝિટ મળશે.

આ ઉપરાંત, ઈ-કેબિન નજીક નવું GRP પોલીસ સ્ટેશન બનશે અને RPF ડોગ સ્ક્વોડ વાળી જગ્યાએ રેલવે કર્મચારીઓ માટે આધુનિક રનિંગ રૂમ-આરામગૃહ તૈયાર કરાશે.

લિફ્ટનો નિર્ણય અફરા-તફરી સર્જશે તેવો ભય ૧૨ અને ૮ મીટર પહોળા ફૂટઓવર બ્રિજ સાથે લિફ્ટ મુકવાનો નિર્ણય લેવાયો છે. જેથી આગામી દિવસોમાં મુસાફરો માટે મોટી સમસ્યાઓ સર્જાવાની શક્યતા છે. ટ્રેન આવે ત્યારે એકસાથે સેંકડો મુસાફરોના ઘસારા વચ્ચે મર્યાદિત ક્ષમતાવાળી લિફ્ટમાં લાંબી લાઈનો લાગશે. જેનાથી સમય બગડશે અને ભાગદોડ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

# ઝાલોદ મુવાડા ખાતે એક વર્ષ અગાઉ બનેલી છેતરપિંડી વિશ્વાસઘાતની ઘટનામાં ફાઈનાન્સ કંપનીમાંથી લોન અપાવવાનું કહી ૫૮ વર્ષીય વૃદ્ધ પાસેથી રૂપિયા ૫.૩૧ લાખ ખંખેરી લીધા

ઝાલોદ,
ઝાલોદ મુવાડા ખાતે ચાર જેટલા ઠગોએ એક વર્ષ અગાઉ ઝાલોદ તાલુકાના ફૂલપુરા ગામના ૫૮ વર્ષીય વૃદ્ધને પોતાની ફાઈનાન્સ કંપનીમાંથી લોન અપાવવાનું કહી વિશ્વાસમાં લઈ લોનની ફાઈલનો ચાર્જ તથા જીએસટીના પૈસા પહેલાં ભરવા પડશે તેમ કહી છૂટક છૂટક રૂપિયા ૫.૩૧ લાખ જેટલી મતભર રકમ લઈ લીધા બાદ લોન મંજૂર નહીં કરાવી કે લીધેલ રૂપિયા પરત નહીં આપી વૃદ્ધ સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કર્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર સીમલા રોડ, બાજુમાં રહેતા મનીષભાઈ રમેશભાઈ પરમાર, ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામના દિનેશભાઈ વીંછીયાભાઈ નીનામા, ગોધરા કેવલ ગોધરા સ્વામિનારાયણ મંદિરની સોસાયટીમાં રહેતા ચંદ્રકાંત લક્ષ્મણભાઈ બામણીયા તથા ગોધરા શિવ શકિત સોસાયટીમાં રહેતા રવિરાજ અખમભાઈ મેહુલિયા એમ ચારે ઠગોએ એક વર્ષ અગાઉ ભેગા મળી પૂર્વ આયોજન કરી ફૂલપુરા ગામના ભુરિયા ફળિયામાં રહેતા ૫૮ વર્ષીય હવસિંગભાઈ કાળીયા ભાઈ ભુરીયાને ઝાલોદ મુવાડા ખાતે બોલાવી પોતાના હસ્તકની ફાઈનાન્સ કંપની માંથી લોન અપાવવાનું કહી વિશ્વાસમાં લઈ લોનની ફાઈલ ચાર્જિસ અને જીએસટી ના પૈસા પહેલા ભરવા પડશે તેમ કહી હવસિંગભાઈ ભુરીયા પાસેથી છૂટક છૂટક રૂપિયા ૩,૫૦,૦૦૦/-(સાડા ત્રણ લાખ) રોકડા મેળવી લીધા હતા તથા હવસિંગભાઈ ભુરીયા ના છોકરા મુકેશભાઈની રૂપિયા બે લાખની લોન મંજૂર કરી તે રૂપિયા બે લાખ રોકડા ઉપાડી અને બીજી લોન મંજૂર કરવાની શરત પેટે તે રૂપિયા મુકેશભાઈના તેના પિતા ખાતામાંથી હવસિંગભાઈના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા અને ત્યારબાદ મનીસ ભાઈ પરમાર તથા રવિરાજ મેહુલિયા એમ બે ઠગોએ હવસિંગભાઈના ખાતામાંથી ફોન પે થી રૂપિયા ૧,૮૧૦૦૦/-પોતાના




ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આમ કુલ રૂપિયા ૫,૩૧,૦૦૦/- જેટલી માતબર રકમ લઈ લીધા બાદ લોન મંજૂર નહીં કરાવી કે લીધેલ પૈસા પરત ન આપી ઉપરોક્ત ચારે ઠગોએ છેતરપિંડી વિશ્વાસઘાત કર્યો હતો. આ સંબંધે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ભોગ બનેલ ઝાલોદ તાલુકાના ફૂલપુરા ગામના ભુરીયા ફળિયામાં રહેતા ૫૮ વર્ષીય હવસિંગભાઈ કાળીયા ભાઈ ભુરીયાએ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઝાલોદ પોલીસે આ મામલે ગોધરા સ્વામિનારાયણ મંદિરની બાજુમાં રહેતા મનીષભાઈ રમેશભાઈ પરમાર, ફતેપુરા તાલુકાના ઢંઢેલા ગામના દિનેશભાઈ વિંછીયાભાઈ નીનામા, ગોધરા કેવલ સોસાયટીમાં રહેતા ચંદ્રકાંત લક્ષ્મણભાઈ બામણીયા તથા ગોધરા શિવ શક્તિ સોસાયટીમાં રહેતા રવિરાજ અખમભાઈ મેહુલિયા એમ ચારે ઠગો વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬/૨,૨૮(૪), ૧૧(૧) મુજબ છેતરપિડ, વિરૂદ્ધ તેવી આગળના કાયવાહી હાથ ધરી છે.

# દાહોદ સાંસદ સિંગવડ એ.પી.એમ.સી.ના ચેરમેન બિનહરીફ ચૂંટાયા



સીંગવડ,
દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર સિંગવડ APMCના ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા છે.તેઓ દાહોદના સાંસદ અને ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી છે. તેમની સિંગવડ તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)ના ચેરમેન પદે બિનહરીફ વરણી થઈ છે.

સિંગવડ APMCની ચૂંટણીમાં તેમની સામે કોઈ ઉમેદવારી નોંધાઈ ન હતી. આથી તેમને સર્વાનુમતે બિનહરીફ જાહેર કરાયા.આ વરણી બદલ દાહોદ જીલ્લા ભાજપ સંગઠન, સહકારી આગેવાનો, ખેડૂતો અને કાર્યકર્તાઓએ તેમને અભિનંદન પાઠવ્યા.

તેમના અનુભવથી સિંગવડ APMC અને વિસ્તારના ખેડૂતોને વિકાસની નવી દિશા મળશે, તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો છે.

# દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકામાં ભીટોડી પ્રા.શાળાથી NH-59 સુધીના રસ્તાની રિસર્ફેસિંગ કામગીરી પ્રગતિમાં

દાહોદ,
ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ વ્યવહાર વધુ સુગમ, સુરક્ષિત અને અવિરત બને તે માટે રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ જ શ્રેણીમાં, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દાહોદ અંતર્ગત આવતા દાહોદ પેટા વિભાગ દ્વારા ગરબાડા તાલુકામાં મહત્વની રસ્તા સુધારણા કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગરબાડા તાલુકાના ભીટોડી પ્રાથમિક શાળાથી શરૂ થઈ, હનુમાન મંદિર અને બારીયા ફળિયા થઈને રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-59) સુધી જોડતા અંદાજે મહત્વના માર્ગ પર હાલ રિસર્ફેસિંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

આ માર્ગ લાંબા સમયથી દૈનિક અવરજવર માટે સ્થાનિક ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને વાહનચાલકો દ્વારા વપરાતો મુખ્ય માર્ગ છે. રસ્તાની વર્તમાન સ્થિતિ સુધારવા માટે હાથ ધરવામાં આવેલી આ રિસર્ફેસિંગ કામગીરી પૂર્ણ થવાથી આ વિસ્તારના વાહનચાલકો અને ગ્રામજનોને ધૂળ, ખાડાઓ અને અસમતળ રસ્તાની સમસ્યામાંથી કાયમી છુટકારો મળશે. સાથે જ, મુસાફરી વધુ સલામત અને આરામદાયક બનશે.

પંચાયત દાહોદ વિભાગ દ્વારા ગુણવત્તાયુકત અને સમયમર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે, જેથી ગ્રામ્ય વિકાસના પાયા સમાન માર્ગ સુવિધાનો લાભ વહેલી તકે નાગરિકો સુધી પહોંચાડી શકાય.

# દાહોદમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (AICC) દ્વારા 'વોટ બચાવો, દેશ બચાવો' રાષ્ટ્રવ્યાપી ઝુંબેશની શરૂઆત




દાહોદ
દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દેશભરમાં મતદાર યાદીઓમાં ગડબડી અને કાયદેસરના મતદારોના નામ કમી થવા અંગે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (AICC) દ્વારા 'વોટ બચાવો, દેશ બચાવો' રાષ્ટ્રવ્યાપી ઝુંબેશની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત દાહોદના સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા એઆઈસીસી ઓબ્ઝર્વર શ્રીમતી ચારુલતા ટોક્સ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કોર્ડિનેટર શ્રી સંદીપ માંગરોલાએ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર ગંભીર આરોપો લગાવ્યા હતા.૧૩ કરોડથી વધુ મતદારો ના નામ કમી થયા છે તેના ઉપર ચારુલતા ટોક્સે આક્ષેપ કર્યો હતો કે, વિશેષ સઘન સુધારણા (SIR) પ્રક્રિયા દ્વારા દેશના ૩૦ રાજયોમાંથી ૧૩ કરોડથી વધુ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે.નવા મતદારો માટેના 'ફોર્મ ૬' માં અસંવેદનશીલ શરતો ઉમેરી ૧૮ વર્ષના યુવાનો પાસે તેમના માતા-પિતા કે દાદા-દાદીએ ૨૫ વર્ષ પહેલાં (૨૦૦૩માં) કયા બૂથ પર મતદાન કર્યું હતું તેની વિગતો માંગવામાં આવે છે, જેનાથી તેલાખો યુવાનો મતાધિકારથી વંચિત રહી જાય છે.ચૂંટણી કમિશ્નર પર પ્રહાર અને બેલેટ પેપરની માંગ સાથે ઝુંબેશ ઉઠાવી વિરોધ કર્યો હતો

# દે.બારીયા શહેરના ગલાલીયા કુવા પાસેના બાકી રહેલા આર.સી.સી. રોડ તેમજ તુટી ગયેલ પાઈપના કારણે ઉભરાતી ગટરનું અધુરું કાર્ય કરાશે ખરું ???

દે.બારીયા,
દે.બારીયા નગર પાલિકાના વોર્ડ નં.૬માં સામાન્ય ચુંટણીમાં બે સભ્યો કોંગ્રેસના અને બે માંથી એક ભાજપ અને એક અપક્ષ તરીકે જેને ભાજપનો સાથ હતો. કુલ ચાર સભ્યો ચુંટાઈ આવ્યા હતા. ભાજપના સભ્યોને પણ લઘુમતિના વોટ મળતાતેઓ હાઈએસ્ટ વોટ મેળવીને પાલિકામાં ચુંટાયા હોય તેવો એક ઉમેદવાર છે. કોંગ્રેસના બે લેડીશ ઉમેદવાર છે. તેઓ પ્રથમ વખત ચુંટાઈ આવ્યા છે. તેમાંથી એક મહિલા ઉમેદવાર આખી બોડીમાં ઓછી ઉંમરના ઉમેદવાર ચુંટાઈને આવ્યા છે. તો વોર્ડ નં.૬ની આમ જનતા તેઓ પાસે વિકાસના કાર્યો રોડ-રસ્તા, સ્વચ્છ પીવાના પાણી મળી રહે તેવી આશાઓ સેવી રહ્યા છે.



પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં ગલાલીયા કુવા પાસે ભુર્ગભ ગટરની પાઈપો બિછાવવાનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. તો કસ્બા, હુસેની ચોકની ગટર ઉભરાઈ છે. તેની પાઈપો તુટેલી હોવાના કારણે તેનું ગંદુ પાણી રોડ ઉપર વહે છે. તેની તુટેલી પાઈપો નવી નાખવામાં આવે તો વિસ્તાર સ્વચ્છ રહે તેવા પ્રયત્નો સત્તાપક્ષ અને વિરોધ પક્ષના સભ્યો પાસે આશા રાખી રહ્યા છે. જ્યારે ગઈ હોળીના પર્વ પહેલા જે બાકી રહી ગયેલો આર.સી.સી. રોડ ગલાલીયા કુવા થી ૨૦૦ મીટરનો રોડ તેમજ તાલુકા કુમાર શાળા પાસેનો બાકી રહી ગયેલો આર.સી.સી. પણ બનાવવામાં આવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

# લાંચના કેસમાં ઝડપાયેલા દાહોદના આંકલી ગ્રામ પંચાયતના સરપંચ રમેશ બારીયાને હોદ્દા પરથી મોકૂફ (સસ્પેન્ડ) કરતા જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ

દાહોદ,
દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાની આંકલી ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ ભીખાભાઈ બારીયા સામે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી ધરપકડ કરવામાં આવ્યા બાદ, જીલ્લા વિકાસ અધિકારી (DDO) હિરેન બારોટ દ્વારા તેઓને સરપંચ હોદ્દા પરથી તાત્કાલિક અસરથી મોકૂફ (સસ્પેન્ડ) કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

આંકલી ગામના એક ગ્રામજનના ખેતર માંથી સાગટાળા પોલીસે ઈંગ્લિશ દારૂનો જથ્થો પકડ્યો હતો. આ કેસમાં પોલીસ કાર્યવાહીથી બચાવવા અને કેસ પતાવી દેવાના બહાને સરપંચ રમેશભાઈ બારીયાએ વચેટિયા બની ફરિયાદી પાસે રૂ.૫૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે ગોધરા ACBનો સંપર્ક કર્યો હતો. ACB દ્વારા ગોઠવવામાં આવેલા છટકામાં સરપંચ રમેશ બારીયા રૂ.૫૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા અને ૮ જુલાઈ ૨૦૨૬ના રોજ તેઓની ધરપકડ કરી દેવગઢ બારીયા સબ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.આ મામલે દાહોદ ACB દ્વારા ચાર્જશીટ રજૂ કરાયા બાદ અને પ્રોસિક્યુશન મંજૂરી મળ્યા પછી, જીલ્લા પંચાયત દાહોદ દ્વારા કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે સરપંચને પોતાનો બચાવ રજૂ કરવા માટે ત્રણ વખત રૂબરૂ સુનાવણીની નોટિસ આપી તક આપવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન સરપંચ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો અને કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કર્યા બાદ, જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટે નોંધ્યું હતું કે સરપંચ સામે નૈતિક અધઃપતન (Moral Turpitude) દર્શાવતા ગંભીર ગુના હેઠળ ફોજદારી કાર્યવાહી થયેલી છે અને તેઓ ૬૫ દિવસથી વધુ સમય જેલ અટકાયતમાં રહ્યા છે. જેથી 'ગુજરાત પંચાયત અધિનિયમ,



૧૯૯૩'ની કલમ-૫૯(૧) હેઠળ મળેલી સત્તાની રૂએ જીલ્લા વિકાસ અધિકારીએ આંકલી ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ ભીખાભાઈ બારીયાને હોદ્દા પરથી મોકૂફ કરવાનો આખરી હુકમ કર્યો છે.

# દેવગઢ બારિયાના પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ પટેલ પ્રાકૃતિક ખેતીથી વાર્ષિક રૂ. ૭ લાખથી વધુની મેળવી રહ્યા છે આવક

દાહોદ,
દાહોદ જીલ્લાના દેવગઢ બારિયા તાલુકાના અંતેલા ગામના પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ પટેલ પ્રાકૃતિક ખેતી અપનાવી વાર્ષિક રૂ. ૭ લાખથી વધુની આવક મેળવી રહ્યા છે. તેમણે ખેતીમાં વિવિધ પાકો, નર્સરી અને વિવિધ ફળફળાદી સહિત અન્ય વૃક્ષોનું વાવેતર કરીને અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

ભરતભાઈ પટેલ વર્ષ ૨૦૧૬થી આત્મા પ્રોજેક્ટ સાથે જોડાયા હતા. ત્યારબાદ તેમણે ગુજરાતનાં વિવિધ સ્થળોએ તાલીમ મેળવી હતી. આ ઉપરાંત મહારાષ્ટ્ર, પંજાબ અને રાજસ્થાનમાં પણ ખેતી અંગેનું માર્ગદર્શન મેળવ્યું હતું. ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતના કુરૂક્ષેત્ર સ્થિત ફાર્મ ખાતે પણ તાલીમ મેળવી પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ જાણી હતી. તાલીમમાંથી મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરીને તેમણે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.

હાલમાં તેઓ પોતાના ઘરે નર્સરીમાં વિવિધ શાકભાજીના રોપા તૈયાર કરી તેનું ઘરેથી જ વેચાણ કરે છે. સાથે જ તેમના ખેતરમાં આશરે ૭૦ કેસર કેરીના આંબા, ૫૦ નારિયેળનાં વૃક્ષો, ૫૦ જામફળનાં વૃક્ષો,

૧૦૦ દાડમનાં વૃક્ષો અને આશરે ૪૫૦ ચંદનનાં વૃક્ષો ઉછેરવામાં આવ્યાં છે. જેમાંથી તેઓને સારી આવક મળે છે. ભરતભાઈ પટેલ જણાવે છે કે, વર્ષ ૨૦૧૬માં આત્મા પ્રોજેક્ટ સાથે જોડાયા બાદ મેં પ્રાકૃતિક ખેતી શરૂ કરી હતી. શરૂઆતમાં ગાય આધારિત ખેતી કેવી રીતે શકય બનશે તે અંગે મનમાં પ્રશ્નો હતા. પરંતુ વિવિધ સ્થળોએ તાલીમ મેળવ્યા બાદ સમજાયું કે રાસાયણિક દવાઓ અને ખાતરો વિના પણ ખેતી કરી શકાય છે. પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ ઘટાડી સારી આવક મેળવી શકાય છે.



મેં પોતાના ઘરે જ જીવામૃત, ઘન જીવામૃત અને વર્મીકમ્પોસ્ટ તૈયાર કરીને ખેતીમાં ઉપયોગ કર્યો તેનાથી ખેતીમાં બહારથી ખરીદવાનાં ખાતરો પરનો આધાર ઘટે છે અને ગુણવત્તાયુકત પાક મેળવવામાં મદદ મળે છે.

દાહોદ જીલ્લાના ખેડૂતોને અપીલ કરતાં તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતો રાસાયણિક દવાઓ અને ખાતરોનો ઉપયોગ ઘટાડીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવે. તેનાથી જમીનની ફળદ્રુપતા જળવાય છે, ખેતીમાં થતો ખર્ચ ઘટે છે અને આવકમાં વધારો થાય છે. સાથે પ્રાકૃતિક પેદાશથી લોકો સ્વસ્થ અને તંદુરસ્ત રહી શકે છે. જેથી આવો સૌ સાથે મળીને ઝેર મુકત પ્રાકૃતિક ખેતી કરીએ.

# દાહોદ જીલ્લાના ગરબાડા ઘટક-૧ હેઠળના ગાંગરડા કેન્દ્ર-૩ ખાતે ગુજરાત વિદ્યાપીઠની પોષણ થીમ આધારિત પદયાત્રા યોજાઈ

**પોષણયુક્ત આહાર અને તંદુરસ્ત પરિવારના સંકલ્પ સાથે પદયાત્રાઃ કિશોરીઓમાં એનેમિયા અંગે જાગૃતિ અને બાળકોને સ્વાસ્થ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું.**

દાહોદ,
મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠ દ્વારા દર વર્ષે યોજાતી પરંપરાગત વાર્ષિક પદયાત્રા અંતર્ગત આ વર્ષે પોષણયુક્ત આહાર અને તંદુરસ્ત પરિવારના સંકલ્પ સાથે વિશેષ પોષણ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠની ટીમે દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકા હેઠળ આવતા ગરબાડા ઘટક-૧ ના ગાંગરડા કેન્દ્ર-૩ ખાતે સ્થિત આંગણવાડીની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું. આ તકે સ્થાનિક બાળકોને સ્વાસ્થ્ય વિષયક બાબતો, પોષણક્ષમ આહાર અને તંદુરસ્ત શરીર જાળવી રાખવા માટે ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. વિશેષરૂપે, કિશોરીઓમાં જોવા મળતી એનેમિયાની સમસ્યા અંગે સ્થાનિકોમાં સમજ અને જાગૃતિ કેળવવા માટે ખાસ પ્રોગ્રામ યોજવામાં આવ્યા હતા. પદયાત્રીઓએ ગ્રામીણ સ્તરે સંતુલિત આહાર અને સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજાવીને જરૂરી વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

આ પદયાત્રા અંતર્ગત મુલાકાત અંગે માહિતી આપતા એમ.એ. સમાજશાસ્ત્રના વિદ્યાર્થી સાગર રાઠોડે જણાવ્યું હતું કે, આ પદયાત્રાથી વિદ્યાર્થીઓમાં ગ્રામ્ય સમાજ પ્રત્યે



સંવેદનશીલતા અને સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ જાગૃતિ કેળવાઈ છે. આગામી દિવસોમાં પણ આ પદયાત્રા અંતર્ગત વિસ્તારના વિવિધ આંગણવાડી કેન્દ્રોની મુલાકાતો લેવામાં આવશે અને બાળવિકાસ તથા સંતુલિત પોષણ અંગેના જાગૃતિ પ્રયાસોને વધુ વેગવંત બનાવવામાં આવશે.

ગુજરાત વિદ્યાપીઠની આ પદયાત્રા દ્વારા ગ્રામીણ વિસ્તારમાં બાળ આરોગ્ય સુધારણા અને કૂપોષણ નિવારણ અંગે એક સકારાત્મક સંદેશ પહોંચાડવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે..

# ઝાલોદના અનવરપુરા ગામે આંબાના ઝાડ પર દોરડા વડે એક સાથે ગળે ફાંસો ખાઈ બે સગીર છોકરા-છોકરીએ જીવતર ટૂંકાવ્યું

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામની આત્મહત્યાની પ્રકાશમાં આવેલી ઘટનામાં બે સગીર છોકરા- છોકરી એક સાથે એક ખેતરના સેઢા પર આવેલ આંબાના ઝાડની ડાળ પર દોરડા વડે ગળે ફાંસો ખાઈ જીવતર ટૂંકાવી લીધાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત વિગત અનુસાર પરમ દિવસ તારીખ ૨૪-૧૦-૨૦૨૬ ના રોજ સાંજના સાડા છ વાગ્યાથી ગત રોજ ૫ તારીખ ૨૫-૧૦-૨૦૨૬ ના રોજ - સવારમાં સાડા સાત વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામે ઉપલા ફળિયામાં રહેતા નરસિંહભાઈ દલાભાઈ ભાભોર ની ભત્રીજી ૧૭ વર્ષીય રાધાબેન હસમુખભાઈ ભાભોર તથા ઝાલોદ તાલુકાના જેતપુર ગામના ૧૮ વર્ષીય નેમિત ભાઈ નિરેશભાઈ ડામોર એમ બંને જણાએ કોઈ અગમ્ય કારણોસર અનવરપુરા ગામે રમેશભાઈ લાલાભાઈ ગરાસીયાના ખેતરના સેઢા પર આવેલા આંબાના ઝાડની ડાળ પર દોરડા વડે ગળે ફાંસો ખાઈ લટકી જઈ જીવતર ટૂંકાવી લીધું હતું.ઘટનાની જાણ થતા જ ઝાલોદ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. અને બંને મૃતક સગીર છોકરા-છોકરીની લાશને ગામ લોકોની મદદ લઈ આંબાના ઝાડની ડાળીએથી નીચે ઉતારી બંને મૃતકની લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી બંને મૃતકોની લાશનું પોસ્ટ મોર્ટમ માટે ઝાલોદ સરકારી દવાખાને મોકલી આપી હતી. આ સંબંધે મરણ જનાર સગીરા રાધા બેન હસમુખભાઈ ભાભોર ના કાકા અનવરપુરા ગામના ઉપલા ફળિયામાં રહેતા પર વર્ષીય નર સિંગભાઈ દલાભાઈ ભાભોરે ઉપરોક્ત કેફિયત ભરી જાહેરાત ઝાલોદ પોલીસ સ્ટેશનમાં આપતાં ઝાલોદ પોલીસે આ મામલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે આત્મહત્યાના આ ચકચારી બનાવ પાછળનું મૂળ કારણ બંને વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું અને તે પ્રેમ સંબંધ બંને પરિવારોને મંજૂર ન હોવાનું પણ બિન સત્તાવાર રીતે જાણવા મળ્યું છે

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.58

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરાના ગોન્દ્રા વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરીને લઈ તંત્ર સક્રિય, વિવિધ વિભાગોની ટીમે હાથ ધર્યો સર્વે

**સીટી મામલતદાર, નગરપાલિકા અને DLR વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સર્વેમાં જોડાયા; પોલીસ પ્રોટેક્શન સાથે સરકારી જમીનની માપણી કરાઈ.**





ગોધરા,

ગોધરા શહેરના ગોન્દ્રા વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરીને લઈને વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. મંગળવારના રોજ ગોન્દ્રા વિસ્તારમાં વિવિધ સરકારી વિભાગોની સંયુક્ત ટીમ દ્વારા સર્વે અને માપણીની કામગીરી હાથ ધરવામાં આવતાં સ્થાનિક વિસ્તારમાં ચર્ચાઓનો માહોલ જોવા મળ્યો હતો. આ કામગીરીમાં સીટી મામલતદાર કચેરી, નગરપાલિકા તેમજ DLR (ડિસ્ટ્રિક્ટ લેન્ડ રેકોર્ડ્સ) વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોધરા શહેરના ગોન્દ્રા વિસ્તારમાં દબાણ હટાવવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા પ્રાથમિક સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિવિધ વિભાગોના કર્મચારીઓએ સ્થળ પર પહોંચીને સંબંધિત વિસ્તારની માપણી અને સર્વેની કામગીરી કરી હતી. આ કામગીરી દરમિયાન જમીનને લગતી વિગતોની ચકાસણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જોકે, સર્વે દરમિયાન કયા ચોક્કસ સ્થળો પર દબાણ હોવાનું સામે આવ્યું છે અને કેટલા વિસ્તારમાં માપણી કરવામાં આવી છે, તે અંગે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી.

ગોન્દ્રા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલી આ કામગીરીમાં સીટી મામલતદાર કચેરી, નગરપાલિકા અને DLR વિભાગના અધિકારીઓ-કર્મચારીઓની હાજરી જોવા મળી હતી. સરકારી જમીન તથા સંભવિત દબાણ સંબંધિત બાબતોની તપાસ માટે વિવિધ વિભાગો દ્વારા સંયુક્ત રીતે સ્થળ પર સર્વે કરવામાં આવ્યો હતો. જમીનની માપણી અને રેકોર્ડની ચકાસણી જેવી પ્રક્રિયાઓ દબાણ સંબંધિત કાર્યવાહી પહેલાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

સર્વેની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પોલીસ પ્રોટેક્શન પણ રાખવામાં આવ્યું હતું. પોલીસની હાજરી વચ્ચે સરકારી વિભાગોની ટીમે શાંતિપૂર્ણ રીતે સર્વેની કામગીરી હાથ ધરી હતી.

ગોન્દ્રા વિસ્તારમાં સરકારી વિભાગોની ટીમો દ્વારા અચાનક સર્વે અને માપણીની કામગીરી હાથ ધરવામાં આવતાં સ્થાનિક લોકોમાં આ બાબતને લઈને વિવિધ ચર્ચાઓ શરૂ થઈ હતી. દબાણ હટાવવાની કામગીરીને લઈને તંત્ર દ્વારા કરવામાં આવેલી આ પ્રાથમિક કાર્યવાહી આગળ જતાં કયા સ્વરૂપે આગળ વધશે તે અંગે લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

જોકે, હાલની કામગીરી દરમિયાન વહીવટી તંત્ર દ્વારા સર્વે અને માપણી કરવામાં આવી હતી. આ કામગીરીને અંતિમ દબાણ હટાવવાની કાર્યવાહી તરીકે જોવી યોગ્ય નહીં બને, કારણ કે સર્વે બાદ આગળની કાર્યવાહી અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ગોન્દ્રા વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ હવે વહીવટી તંત્ર દ્વારા કયા પ્રકારનાં પગલાં લેવામાં આવે છે તે જોવું મહત્ત્વપૂર્ણ રહેશે. સર્વેના આધારે જમીનના રેકોર્ડની વધુ ચકાસણી કરવામાં આવે છે કે, પછી સંબંધિત સ્થળોએ દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા સામે આવી નથી.

આગામી દિવસોમાં સર્વેના તારણો અને સંબંધિત વિભાગોની પ્રક્રિયા બાદ જ સમગ્ર મામલે વધુ સ્પષ્ટતા થઈ શકશે. હાલ ગોન્દ્રા વિસ્તારમાં થયેલી આ કામગીરીને પગલે સ્થાનિક લોકોની નજર વહીવટી તંત્રના આગામી નિર્ણય પર ટકેલી છે.

# ગોધરાના જહુરપુરા શાકમાર્કેટમાં ગંદકીનુ સામ્રાજય : પાલિકા સફાઈ અભિયાનના ધજાગરા



ગોધરા,

ગોધરા શહેરના ભરચક વિસ્તાર ગણાતા જહુરપુરા શાકમાર્કેટમાં હોલસેલ ફ્રુટના વેપારીઓ તેમજ લારી ધારકો દ્વારા ફેલાવવામાં આવતી બેફામ ગંદકીને કારણે સ્થાનિક રહિશો અને ખરીદી માટે આવતા ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ગોધરા નગરપાલિકા સ્વચ્છતાંના મોટા મોટા દાવાઓ કરી રહી છે. ત્યારે જહુરપુરા વિસ્તારમાં લોકો કચરાના ઢગલા વચ્ચે જીવવા મજબુર બન્યા છે. ગોધરાના જહુરપુરા શાકમાર્કેટમાં હોલસેલ ફ્રુટના વેપારીઓ, ફ્રુટની લારીઓ તેમજ બંગડીની લારીઓ લગાવીને ઉભા રહેતા ધંધાર્થીઓ દ્વારા રોજબરોજ મોટાપાયે ગંદકી ફેંકવામાં આવે છે. વેપારીઓ ફ્રુટ પેકિંગ માટે વપરાતા કાગળો, પ્લાસ્ટિક, સડેલા ફળો અને અન્ય કચરો રસ્તા વચ્ચે જ ઢગલો કરીને રઝળતા મુકી દે છે. જેના કારણે માર્ગો પરથી પસાર થવુ મુશ્કેલ બની જાય છે. અને રોગચાળો ફેલાવવાની ભિતી સેવાઈ રહી છે. રાત્રિના સમયે સફાઈ કરવા આવતા પાલિકાના સફાઈ કર્મચારીઓ જયારે નિયમ પાળવાનુ કહે છે. કેટલાક હોલસેલના વેપારીઓ તેમની સાથે દાદાગીરી અને ઉદ્ધતાઈભર્યુ વર્તન કરતા હોવાની ફરિયાદ ઉઠી છે. આ સમગ્ર મામલે સ્થાનિક રહિશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. માત્ર કાગળ પર સ્વચ્છતાંની વાતો કરતી ગોધરા નગરપાલિકા જમીની હકીકત જોઈને આ બેફામ વેપારીઓ સામે કડક કાર્યવાહી કરે તેમજ દંડનીય કાર્યવાહી હાથ ધરી ગંદકી ફેલાવતા વેપારીઓ તેમજ લારીધારકો સામે નકકર પગલા ભરે તેવી માંગ ઉઠી છે.

# ગોધરાના કાંસુડી રેલ્વે સ્ટેશન નજીક ટ્રેન માંથી નીચે પડેલ બિહારના યુવકનું મોત

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા નજીક આવેલા કાંસુધી રેલવે સ્ટેશન પાસે ચાલુ ટ્રેનના જનરલ કોચ માંથી નીચે પડી જતાં એક મુસાફરનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું છે. મૃતકની ઓળખ સરોજ કામત તરીકે થઈ છે, જે બિહારના દરભંગા જીલ્લાના જયદેવપટ્ટી ગામના વતની હતા. ગોવામાં વાઈન શોપમાં નોકરી કરતા સરોજભાઈ દીપાવલીનો તહેવાર પરિવાર સાથે ઉજવવા ગોવા થી ફરીદાબાદ જવા નીકળ્યા હતા. ટ્રેન માંથી નીચે પડી જતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પરિવારજનોએ હત્યા કરી હોવાની વ્યક્ત કરી આશંકા આ બનાવમાં મૃતકના પરિવારજનોએ ચોંકાવનારા આક્ષેપો કરીને હત્યાની શંકા વ્યકત કરી છે. પરિજનોના જણાવ્યા અનુસાર, મુસાફરી દરમિયાન સરોજભાઈએ પોતાની પત્નીને ફોન કરીને જણાવ્યું હતું કે ટ્રેનમાં કેટલાક અજાણ્યા વ્યક્તિઓ તેમને મારી નાખવાની ધમકી આપી રહ્યા છે. આ ફોન કોલ આવ્યાના થોડા જ સમય બાદ આ દુર્ઘટના બનતાં પરિજનોએ સમગ્ર મામલે રેલવે પોલીસ પાસે તટસ્થ તપાસ કરાવવાની માંગણી દોહરાવી છે.

રેલવે પોલીસે હાથ ધરી તટસ્થ તપાસની કાર્યવાહી ઘટનાની જાણ થતાં જ રેલવે પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને આગળની કાયદેસરની કાર્યવાહી કરી પેનલ પોસ્ટમોર્ટમ કરાવવા મોકલી આપ્યો હતો. પરિવારજનો દ્વારા કરવામાં આવેલા ગંભીર આક્ષેપોને ધ્યાને રાખીને રેલવે પોલીસે આ ઘટનાની દરેક પાસાથી ઝીણવટભરી તપાસ હાથ ધરી છે, જેથી ઘટના પાછળનું સાચું કારણ બહાર આવી શકે.CDR અને ટાવર લોકેશન આધારે તપાસ તેજ ગોધરા રેલવે પોલીસના અધિકારીઓએ જણાવ્યું હતું કે, હાલ મૃતદેહનું પેનલ પીએમ કરાવવામાં આવ્યું છે. પરિવારજનોના આક્ષેપોને ધ્યાને રાખીને મરણ જનારના મોબાઈલ નંબરના કોલ ડિટેઈલ રેકોર્ડ તથા ટાવર લોકેશન સહિતની વિવિધ દિશાઓમાં ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવશે. પોલીસ દ્વારા ટ્રેનમાં સાથે મુસાફરી કરનારા અન્ય મુસાફરોની પણ પૂછપરછ કરવાની દિશામાં કામગીરી શરૂ કરવામાં આવી છે.

# કાલોલ અમૃત વિદ્યાલય એજયુકેશન વર્લ્ડ રેન્કિંગ્સમાં દેશમાં ૯મો ક્રમાંક 'હેપીનેસ ચેમ્પિયન્સ'

કાલોલ,

કાલોલની અમૃત વિદ્યાલયે શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવી છે. શાળાને 'એજયુકેશન વર્લ્ડ ઈન્ડિયા સ્કૂલ રેન્કિંગ્સ' (EWISR) ૨૦૨૬૨૭ એવોર્ડ્સમાં દેશ અને રાજય કક્ષાએ સારૂં સ્થાન મળ્યું છે. શાળા પંચમહાલ જીલ્લામાં પ્રથમ, ગુજરાત રાજયમાં બીજા અને સમગ્ર ભારતમાં નવમા ક્રમે રહી છે.

અમૃત વિદ્યાલયને ''હેપીનેસ એન્ડ વેલ-બીઈંગ ચેમ્પિયન્સ'' કેટેગરી હેઠળ ખાસ સન્માનિત કરવામાં આવી છે. આ એવોર્ડ માત્ર શૈક્ષણિક પ્રદર્શન જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના સંપૂર્ણ વિકાસ, માનસિક સ્વાસ્થ્ય અને સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ માટેના પ્રયાસોને ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે.અમૃત વિદ્યાલયે વિદ્યાર્થીઓ માટે આનંદદાયક અને તણાવમુકત વાતાવરણ બનાવવામાં દેશભરમાં એક ખાસ સ્થાન બનાવ્યું છે. આ સફળતા બદલ શાળા સંચાલક મંડળ, આચાર્ય અને શિક્ષકગણે ખુશી વ્યકત કરી હતી. તેમણે આ સિદ્ધિનો શ્રેય વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓના સહિયારા પ્રયાસોને આપ્યો.

# ઘોઘંબા GFL કંપનીમાં R-32 ફ્રૂડ ટેન્કમાં ગેસ ગળતરનું મોકડ્રીલ યોજાઈ



ઘોઘંબા,

પંચમહાલ કલેકટરના માર્ગદર્શન હેઠળ ઘોઘંબાના રણજીતનગર સ્થિત GFL કંપનીમાં ઑફ-સાઈટ ઈમરજન્સી મોક ડ્રિલ યોજાઈ. તેનો હેતુ ઔદ્યોગિક કટોકટીમાં સરકારી વિભાગો, ઉદ્યોગો વચ્ચે સંકલન, બચાવ અને તાત્કાલિક સારવારની વ્યવસ્થા ચકાસવાનો હતો.

મોક ડ્રિલમાં GFLના રેફ્રિજરન્ટ વિભાગની R-32 ફ્રૂડ સ્ટોરેજ ટેન્ક માંથી ગેસ ગળતરની કાલ્પનિક સ્થિતિ દર્શાવાઈ. ત્રણ કામદારોને શ્વાસ લેવામાં તકલીફ પડતાં તેમને GFLના મેડિકલ સેન્ટરમાં દાખલ કરાયા. એક કામદારને વધુ અસર થતાં તેને રણજીતનગર PHC ખાતે ખસેડાયો.

આ મોક ડ્રિલમાં સરકારના વિવિધ વિભાગો સાથે GFL, પૌષક લિમિટેડ અને UPL લિમિટેડ જેવા મ્યુચ્યુઅલ એઈડ ઉદ્યોગોએ સંકલન સાધ્યું.ડ્રિલ દરમિયાન DISHના ડેપ્યુટી ડિરેક્ટર ડી.આર. પ્રજાપતિ અને ડિઝાસ્ટર સેલના વિરલ ક્રિશ્ચિયનનું માર્ગદર્શન મળ્યું. GFL તરફથી યુનિટ હેડ જીગ્નેશ પરમાર, ફેક્ટરી મેનેજર અનિલ કિલ્લારીકર, સેફ્ટી હેડ કૌશિક પટેલ, એડમિન CSR હેડ જીગ્નેશ મોરી હાજર રહ્યા.

# વેજલપુર નજીક લકઝરી બસે એક્ટિવાને ટક્કર મારીદંપતી ઘવાયું હાથ-પગમાં ફ્રેકચર

કાલોલ,

વેજલપુર નજીક ખેડા ફળિયા પાસે હાઈવે રોડ પર એક પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી લકઝરી બસે એક્ટિવા મોટરસાઈકલને પાછળથી જોરદાર ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા પર સવાર દંપતી રોડ પર પટકાતાં ગંભીર રીતે ઘવાયું હતું.

મળતી માહિતી મુજબ, વેજલપુરના મોટા મોહલ્લામાં રહેતા ફારૂક સિકંદર નાના અને તેમના પત્ની સફિયાબીબી શનિવાર નારોજ સવારે પોતાના એક્ટિવા (નંબર GJ-17-BF-5866) પર ગોધરા ખાતે આંખની દવા લેવા જઈ રહ્યા હતા. બપોરના આશરે ૩:૦૦ વાગ્યાના સુમારે તેઓ વેજલપુર ખેડા ફળિયા નજીક બાબુ નાયરની પંચરની દુકાન સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે લકઝરી બસ (નંબર GJ-06-AX-5355)ના ચાલકે પોતાના કબ્જાની બસ બેફિકરાઈથી હંકારી આવી એક્ટિવાને પાછળથી ટક્કર મારી હતી.અકસ્માતને પગલે બંને રોડ પર પટકાયા હતા, જેમાં સફિયાબીબીને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી જયારે ફારૂકભાઈને ડાબા હાથે અને ડાબા પગે ગંભીર ફ્રેકચર જેવી ઈજાઓ થઈ હતી. બનાવ બાદ લકઝરી બસનો ચાલક વાહન લઈને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

સ્થાનિકો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ સારવાર અર્થે ગોધરાની ઓર્થોપેડિક હોસ્પિટલમાં એડમિટ કરી ફારૂકભાઈના ડાબા હાથનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. સારવાર બાદ રજા મળતાં, ઈજાગ્રસ્તના ૨૦ વર્ષીય પુત્ર સુફિયાન ફારૂક નાનાએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે. વેજલપુર પોલીસે લકઝરી બસના ફરાર ચાલક વિરુદ્ધ બી.એન.એસ. અને મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૬,૭,૮,૯ના જાહેર માર્ગોની સફાઈ તેમજ નવા સીમાંકનવાળા વિસ્તાર માટે નવા ઝોન ઉભો કરવાની માંગ સાથે પાલિકા સભ્યોએ રજુઆત કરી



ગોધરા,

ગોધરા નગર પાલિકા વિસ્તારના વોર્ડ નં.૬,૭,૮ અને ૯ માં જાહેર માર્ગોની સાફ સફાઈ કરાવા તેમજ ડસ્ટ સ્થળ ઉપરથી દુર કરવા તેમજ નવા સીમાંકન બાદ પવડી વિભાગ માંથી અલગ ઝોન પાડીને જહુરપુરા શાકમાર્કેટમાં ઓફિસ કરી વહિવટ કરવાની માંગ સાથે પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગોધરા નગર પાલિકા વિસ્તારના વોર્ડ નં.૬,૭,૮ અને ૯ના જાહેર માર્ગો રાણી મસ્જીદ થી કેશરી સર્કલ, ચોકી નં.૭ થી રેલ્વે ગરનાળા, કાલાભાઈ પેટ્રોલ પંપ થી સાતપુલ બ્રીજ સુધી તેમજ કેસરી સર્કલ થી શેખ મજાવર રોડની નિયમીત સાફ સફાઈ કરાવવામાં આવે અને સાફ સફાઈનું નિરીક્ષણ કરાય રોડ ઉપરના ડસ્ટની સફાઈ કરાવી ડસ્ટ સ્થળ પરથી ઉઠાવવામાં આવે તેવી માંગ કરાઈ છે.ગોધરા નગર પાલિકાના નવા સીમાંકન મુજબ વોર્ડના વિસ્તારો લાંબા હોય જેને ધ્યાને લઈ નગર પાલિકાના વોર્ડ નં.૬,૭,૮ અને ૯માં પવડી વિભાગની ઘણી ફરિયાદો હોય છે. ત્યારી સારી કામગીરી થાય તે માટે પાલિકા પવડી વિભાગ માંથી ૨૦ ટ્રેક્ટરની મંજુરી સાથે એક અલગ ઝોન પાડીને જહુરપુરા શાકમાર્કેટમાં ઓફિસ આપી સુપરવાઈઝર તરીકે કર્મચારી મુકવામાં આવે તેવી માંગ સાથે ગોધરા નગર પાલિકાના સભ્યો ઈદ્રીશભાઈ દરગાઈ, સાજીદભાઈ કલા, અસલમભાઈ દુરવેશ, અશરફ ચાંદા, યાકુબભાઈ બકકર (તપેલી), શરીફા બકકર (તપેલી), આઈશા ખંડુ, રજીયા ચાંદા એ પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

# મોરવા હડફના મોરા કલસ્ટરના વનેડા ગામના મંજુલાબેન મહિલા ખેડૂતે આધુનિક ખેતી અપનાવી મેળવી લાખોની આવક






મોરવા હડફ

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના મોરા ક્લસ્ટર અંતર્ગત આવેલા વનેડા ગામના પ્રગતિશીલ મહિલા ખેડૂત બારીયા મંજુલાબેન બળવંતભાઈ એ પરંપરાગત ખેતી પદ્ધતિ છોડીને આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે વિવિધ શાકભાજીની ખેતી દ્વારા લાખો રૂપિયાની કમાણી કરી અન્ય ખેડૂતો માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

એન.એમ. સદગુરુ ફાઉન્ડેશન અને એક્સિસ બેંક પ્રોજેક્ટનું માર્ગદર્શન

એન. એમ. સદગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા મોરવા હડફ તાલુકામાં એક્સિસ બેંક ફાઉન્ડેશન પ્રોજેકટના આર્થિક સહયોગથી ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ ક્ષેત્રે ક્રાંતિ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ અંતર્ગત ખેડૂતોને અવનવી તાલીમો, ખેડૂત પ્રવાસો અને નિષ્ણાતોનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. આ પ્રોજેક્ટના સચોટ માર્ગદર્શન હેઠળ વનેડા ગામના મંજુલાબેને વર્ષોથી ચાલી આવતી જૂની પદ્ધતિઓને છોડીને આધુનિક ખેતી અપનાવવાની શરૂઆત કરી હતી અને પોતાના આર્થિક વિકાસની મજબૂત શરૂઆત કરી છે.

મલ્ચિંગ અને ડ્રીપ સિસ્ટમથી મેળવી સફળતા

કોકિલાબેને પોતાના ખેતરમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને મલ્ચિંગ પેપર અને ડ્રીપ ઈરિગેશન (ટપક સિંચાઈ પદ્ધતિ) ના ઉપયોગ દ્વારા ભીંડા અને ટામેટાની વૈજ્ઞાનિક ખેતી કરી છે. હાલ તેમણે ૧ એકર વિસ્તારમાં ટામેટાનું સફળ વાવેતર કરેલ છે, જેમાં તમામ પ્રકારનો ખર્ચ બાદ કરતા રૂ. ૧,૩૨,૦૦૦ જેટલી ચોખ્ખી આવક મળી છે.વિસ્તારના અન્ય ખેડૂતો માટે બન્યા પ્રેરણાસ્રોતકોકિલાબેને આ સફળતાનો સંપૂર્ણ શ્રેય સંસ્થા અને પ્રોજેકટના સહકારને આપતા સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો છે. તેમની આ પ્રેરણાદાયી સફરથી પ્રભાવિત થઈને મોરવા હડફ વિસ્તારના અન્ય ખેડૂતો પણ પરંપરાગત ખેતી છોડી આધુનિક ખેતી તરફ વળ્યા છે. આજે આ સમગ્ર વિસ્તારના ખેડૂતો ટામેટા, તૂરિયા, રીંગણ, મરચાં, ટેટી, ભીંડા, ગવાર, ચોળી અને ગલગોટા જેવા વિવિધ શાકભાજી તથા ફૂલોના પાકોનું સફળ વાવેતર કરી આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી રહ્યા છે.

# શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે તમામ વિભાગના અધિકારીઓ સાથે સીમલેટ બેટની મુલાકાત લઈ સ્થાનિકોની સમસ્યાઓ સાંભળી



શહેરા,

શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ તમામ વિભાગના અધિકારીઓને સાથે રાખીને મહેલાણ ગ્રામ પંચાયત માં સમાવિષ્ટ પાનમ ડેમ વચ્ચે આવેલા સીમલેટ બેટ પહોંચી ગયા હતા. પ્રાથમિક સુવિધાઓ વિના મુશ્કેલી વેઠતા સ્થાનિક ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી વીજળી-રસ્તા અને શાળા જેવા પ્રશ્નોનું વહેલી તકે કાયમી નિરાકરણ લાવવા તેમણે અધિકારીઓને સ્થળ પર જ તાકીદ કરી હતી.જેથી અહીંના રહીશોમાં હવે પાયાની સુવિધાઓ મળવાની નવી આશા બંધાઈ છે.

શહેરા તાલુકાના મહેલાણ ગ્રામ પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ પાનમ ડેમની ગોદમાં વસેલો સીમલેટ બેટ વિસ્તાર લાંબા સમયથી ભૌગોલિક સ્થિતિને કારણે મુખ્ય ભૂમિથી અલગ અને પાયાની સુવિધાઓથી વંચિત રહ્યો હતો. આ વિસ્તારના સ્થાનિક રહીશોને રોજબરોજ જીવન જરૂરિયાત માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે તાલુકા પંચાયતના દંડક શાંતાબેન ખાંટ તેમજ પ્રાંત અધિકારી એમ.કે.ડોડીયા અને મામલતદાર ધર્મેન્દ્ર પટેલ , તાલુકા વિકાસ અધિકારી જય શુકલ, જીલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ મગનભાઈ પટેલિયા, જીલ્લા ભાજપ મહામંત્રી જીગ્નેશભાઈ પાઠક, તાલુકા પંચાયતના પ્રમુખ વિક્રમસિંહ પગી, ઉપપ્રમુખ હાજાભાઈ ચારણ સહિત તમામ સરકારી વિભાગોના અધિકારીઓને સાથે રાખીને સીમલેટ બેટ ખાતે એક વિશેષ લોકસંવાદ કાર્યક્રમ અને સ્થળ મુલાકાતનું આયોજન કર્યું હતું. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં સીમલેટ બેટના સ્થાનિક લોકોએ પોતાની વર્ષો જૂની અને અસુવિધાઓથી ભરેલી વેદના રજૂ કરી હતી. જેમાં બેટ વિસ્તારમાં નિયમિત અને પૂરતા પ્રમાણમાં વીજ પુરવઠો તથા પીવાલાયક શુદ્ધ પાણીની યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે તેમજ નદીને વચ્ચે પુલ બનાવવામાં આવે જેથી ગર્ભવતી મહિલાઓ કે બિમાર દર્દીઓને હોસ્પિટલ લઈ જતી વખતે હાલાકી ભોગવવી પડી શકે નહી, બેટ પર રહેતા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને અભ્યાસ માટે યોગ્ય શાળા તેમજ શિક્ષણ માટેની પૂરતી સુવિધાઓ ઊભી કરવામાં આવે અને આ સહિત આરોગ્ય વિષયક કટોકટીમાં તાત્કાલિક સારવાર મળી રહે તેવી આરોગ્યલક્ષી સુવિધા અને રાશન વિતરણ માટે સસ્તા અનાજની દુકાનની વ્યવસ્થા કરવા સહિત પ્રાથમિક સુવિધા સહિતની અનેક રજૂઆતો કરી હતી. સીમલેટ બેટના રહીશોની રજૂઆતો સાંભળ્યા બાદ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે જણાવ્યું હતું કે, અગાઉ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં મળેલી સંકલન સમિતિની બેઠકમાં પણ આ તમામ પ્રશ્નોની ગંભીર નોંધ લેવામાં આવી હતી. વહીવટી તંત્રના તમામ વિભાગોના અધિકારીઓ અહીં હાજર રહ્યા છે. ધારાસભ્યએ સંબંધિત વિભાગના અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે, આ તમામ પ્રશ્નોનું વહેલામાં વહેલી તકે કાયમી નિરાકરણ લાવવું જોઈએ. સરકારી સહાય કે ગ્રાન્ટ મેળવવા માટેની દરખાસ્તો વહેલી તકે તૈયાર કરી સરકારમાં મોકલી આપવા પણ સૂચના આપી હતી. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે તમામ વિભાગના અધિકારીઓ સાથે સીમલેટ બેટની રૂબરૂ મુલાકાત લેતા સ્થાનિક રહીશોમાં વીજળી, પાકા રસ્તા, શાળા અને આરોગ્ય જેવી વર્ષોથી અધૂરી રહેલી સુવિધાઓ હવે પૂરી થશે તેવી નવી આશા અને ઉમ્મીદ બંધાઈ છે.